Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૨ મું સંવત ૨૦૦૦

અંક ૨ જો. ભાદ્રપદ : સપ્ટેમ્બર

सम्यग् दर्शन ज्ञान चारित्राणि मोक्षमार्गः

શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર.

પ્રકાશક—

— : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર : —

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ અંકમાં


| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. શ્રી સિદ્ધાચળ જિન સ્તવન | ... | ૨૫ | ૬. સમ્યગ્દર્શન વિષે પ્રકીર્ણ જ્ઞેય | ... | ૩૩ |
| ૨. मेघान्योक्ति | ... ... | ૨૬ | ૭. समयं मा पमाए | ... ... | ૩૬ |
| ૩. 'માનવીને'... | ... ... | ૨૭ | ૮. વિજયી કોણ? | ... ... | ૩૮ |
| ૪. આશા–તૃષ્ણા | ... ... | ૩૦ | ૯. સમયના પ્રવાહમાં યાને વખતના વહેણમાં | ... ... | ૪૨ |
| ૫. વીર વિક્રમાદિત્ય | ... ... | ૩૨ | | | |


### નવા થયેલા માનવંતા સભાસદો

| | | |
|---|---|---|
| ૧. શાહ વલ્લભદાસ ગુલાબચંદ | લાઈફ મેમ્બર | તળાજા. |
| ૨. શાહ નાનચંદ સાકરચંદ | ,, | શીહોર. |
| ૩. સાકરલાલ ગાંડાલાલ એલાણી | ,, | વરતેજ. |
| ૪. શેઠ રતીલાલ દલસુખભાઈ | ,, | મુંબઇ. |
| ૫. શાહ વ્રજલાલ મગનલાલ | ,, | ભાવનગર. |
| ૬. શાહ રાઈચંદ મગનલાલ | ,, | મુંબઇ. |

### નવા થનારા જૈન બંધુઓ અને બ્હેનોને નમ્ર સુચના.

ગયા વર્ષમાં ભેટ આપેલા શ્રી આદિનાથ ચરિત્ર વગેરે સુંદર પુસ્તકો આ સભામાં નવા થનારા લાઇફ મેમ્બરોને માત્ર દીવાળી સુધી ભેટ આપવાની ઉદારતા સભાએ દાખવી છે, જેથી ત્યાં સુધીમાં નવા થનારા લાઇફ મેમ્બરોએ તેનો પણ લાભ લેવા ચુકવાનું નથી.

## ગુજરાતી ભાષાના તૈયાર થતાં ગ્રંથો.

### ૧. શ્રી વસુદેવ હિંડિ ગ્રંથ (શ્રી સંઘદાસ ગણિકૃત)

તત્ત્વજ્ઞાન અને બીજી ઘણી બાબતોને પ્રમાણિક ઠરાવવા સાદતરૂપ આ ગ્રંથ છે. શુમારે પાંચમા સૈકામાં તેની રચના થયેલી છે. મૂળ ગ્રથનું બહુ જ પ્રયત્નપૂર્વકનું સંશોધનકાર્ય સદ્‌ગત મુનિરાજશ્રી **ચતુરવિજયજી** મહારાજ તથા વિદ્યમાન સાક્ષરવર્ય **મુનિરાજ પુણ્યવિજયજી** મહારાજે કરી જૈન સમાજ ઉપર મહાન ઉપકાર કર્યો છે. સાક્ષરવર્યશ્રી **આનંદશંકર** બાપુભાઈ ધ્રૂવ સાહેબે આ સભામાં પધારી જણાવ્યું હતું કે—આ ગ્રંથ મૂળ અને ભાષાંતર શુદ્ધ કરી પ્રગટ કરનાર જે સંસ્થા હોય તેણે ખરી સાહિત્યસેવા કરેલી ગણાશે. આ ગ્રંથના અભ્યાસ સિવાય લખાયેલ ભારતનો ઇતિહાસ અપૂર્ણ રહેશે. દરેક જૈન જૈનેતર સાક્ષર અને સાહિત્યકારની પ્રશંસાને પાત્ર થયેલ ગ્રંથ છે. આવા બહુમૂલ્ય ગ્રંથનું ભાષાંતર વિદ્વાનો પાસે તૈયાર થાય છે **તેના પ્રકાશન માટે સહાયની જરૂર છે.** કોઇ ભાગ્યશાળી, પુણ્યવાન અને સુકૃતની લક્ષ્મી પામેલ જૈન બંધુનું નામ આ ગ્રંથ સાથે જોડાય તેમ ઇચ્છીએ છીએ.

(જુઓ અનુસંધાન ટાઇટલ પેજ ૩)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુજરાતી ભાષાના ગ્રંથો

## શ્રી દાનપ્રદીપ–ગ્રંથ.

**અમારા દરેક ગ્રંથો ઊંચા કાગળો ઉપર સુંદર અક્ષરોથી છપાયેલ પાકા કપડાના બાઇડીંગથી બાંધેલા હોય છે.**

**દરેક જૈનબંધુઓએ પોતાના ઘરમાં, લાઇબ્રેરીમાં, મુસાફરીમાં આ ઉપયોગી ગ્રંથો રાખવા જ જોઇએ.**

( જીન આગમરૂપી અગ્નિ પાસેથી વિવિધ પ્રકારના અર્થરૂપી તેજને ગ્રહણ કરી જીનશાસનરૂપી મહેલમાં દાનરૂપી દીવાને પ્રકટ કરાવનાર અપૂર્વ ગ્રંથ; જેમાં અનેક મહાન પુરૂષોની જેમાં રસયુક્ત કથાઓ આપવામાં આવેલ છે. ) ધર્મના ચાર પ્રકાર દાન, શીયળ, તપ અને ભાવમાં દાનધર્મ મુખ્ય હોઇને દાન તીર્થંકર ભગવાન ચારિત્ર લીધા પહેલા એક વર્ષ પર્યંત આપે છે અને કેવળ જ્ઞાન પ્રાપ્ત થયા પછી પ્રથમ દેશનામાં દાનધર્મની દેશના આપે છે, તેજ દાનધર્મનું વર્ણન આ ગ્રંથમાં આપવામાં આવેલ છે. આ દાનધર્મના પાંચ ભેદો અને ઉત્તર ભેદો વિસ્તારપૂર્વક વિવેચન અને સાથે દાનધર્મનું આરાધન કરનાર આદર્શ જૈન મહાન પુરૂષોના વીશ અદ્ભૂત ચરિત્રો, રસ યુક્ત કથાઓ બીજી અનેક અંતર્ગત કથાઓ અને બીજી અનેક જાણવા યોગ્ય હકીકત આપવામાં આવેલ છે. દાનધર્મ માટે આવો એક પણ ગ્રંથ અત્યારસુધીમાં પ્રગટ થયો નથી આ ગ્રંથ આદ્યંત વાંચતા કોઈપણ મનુષ્યને તે દાનધર્મ આદરવા તત્પરતા થતા જલ્દીથી આત્મકલ્યાણ સાધી મોક્ષને નજીક લાવી શકે છે. પાના ૫૦૦ કિંમત રૂા. ૩–૦–૦

---

## શ્રી પ્રભાવક ચરિત્ર.

**( જૈન ઐતિહાસિક ગ્રંથ. )**

આ ઐતિહાસ કથા સાહિત્યના ગ્રંથમાં વર્તમાનકાળના બાવીશ પ્રભાવક આચાર્ય મહારાજની સુંદર કથાઓ છે. જે મહાન આચાર્યોનો પરિચય આપ્યો છે, તેમાં તે વખતની સામાજિક, રાજકીય, ધાર્મિક, પરિસ્થિતિ ઐતિહાસિક દૃષ્ટિએ આપી બીજી જાણવા યોગ્ય હકીકતો આપી અનુપમ કથાનો ગ્રંથ તૈયાર કરવામાં આવ્યો છે. ઐતિહાસિક દૃષ્ટિએ આવેલા તમામ વર્ણનોની ઘટના સત્ય અને પ્રમાણિક છે, જેથી કેટલીક શિક્ષણ શાળાંઓમાં ધાર્મિક અભ્યાસ ક્રમમાં ઇતિહાસ તરીકે તેને સ્થાન મળેલ છે. વાંચતાં પણ આનંદ થાય તેમ છે પાના શુમારે સાડાશેંહ કિંમત રૂા. ૨–૮–૦.

---

**આપણી જૈન કોનફરન્સની એજ્યુકેશન બોર્ડ જૈન શાળાઓના અભ્યાસક્રમમાં દાખલ કરેલ હતો.**

## શ્રીમાન્ હરિભદ્રસૂરિ વિરચિત શ્રી ધર્મબિંદુ ગ્રંથ.

( મૂળ અને મૂળ ટીકાનાં શુદ્ધ સરલ ગુજરાતી ભાષાંતર સહિત. )

આ ગ્રંથના મૂળ કર્તા મહાનુભાવ **શ્રી હરિભદ્રસૂરિ** કે જેઓ જૈન ઇતિહાસમાં સુપ્રસિદ્ધ છે. શ્રી મહાનુભાવ ગ્રંથકારે મુનિઓ અને ગૃહસ્થોના સાધારણ અને વિશેષ ધર્મો, મોક્ષનું સ્વરૂપ અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેના અધિકારી વગેરે વિષયો બતાવવાને માટે આ ઉપયોગી ગ્રંથની યોજના કરી છે. અને તેની અંદર તેનું વિવેચન કરી સારી રીતે સમજાવ્યું છે.

આ પ્રમાણે ગૃહસ્થ અને યતિધર્મને વિસ્તારપૂર્વક પ્રતિપાદન કરનારો આ ગ્રંથ રચવામાં આવ્યો છે. જે વાચક જૈનધર્મના આચાર, વર્તન, નીતિ, વિવેક અને વિષયના શુદ્ધ સ્વરૂપ સાથે તત્ત્વોના રહસ્યોને સારી રીતે સમજી શકે છે. મુનિ અને ગૃહસ્થ એ જો આ ગ્રંથને આદ્યંત વાંચે તો સ્વધર્મ–સ્વકર્તવ્યના યથાર્થ સ્વરૂપને જાણી પોતાની મનોવૃતિને ધર્મરૂપ કલ્પવૃક્ષની શીતળ છાયાની આશ્રિત કરી અનુપમ આનંદના સંપાદક બને છે.

આ ગ્રંથની આ બીજી આવૃતિ છે. સુમારે ચારસેંહ પાનાના આ ગ્રંથની કીંમત માત્ર રૂા. ૨–૦–૦

## શ્રી ધર્મ પરિક્ષા.

### ( શ્રી જીનમંડનગણી વિરચિત )

સોનું જેમ ચાર પ્રકારની પરિક્ષાઓ કરી ગ્રહણ કરાય છે તેમ તેવા પ્રકારની પરીક્ષા ( ગુણો ) એ કરીને ધર્મ ગ્રહણ કરવો. તેના **આઠ ગુણોનું** વિસ્તારપૂર્વક વિવેચન, ઉપદેશક, સુંદર, મનનપૂર્વક વાંચતા હૃદયને તેવી અસર કરી ધર્મ ગ્રહણ કરવા ઉત્કટ જીજ્ઞાસા થાય તેવી જુદી જુદી **દશ કથાઓ** આ ગ્રંથમાં આપવામાં આવે છે. આત્માના દ્રવ્ય–ભાવરૂપી રોગોને દુર કરવા માટે રસાયન રૂપ અને જાત્યવંત સુવર્ણની જેમ કર્મ રજને દૂર કરી આત્માને અત્યંત નીર્મળ કરનાર સદ્ધર્મના પરમ ઉપાસક બનાવી પરમ પદને–મોક્ષના અધિકારી બનાવે છે. બસેંહ ઉપરાંત પાના છે. કિંમત રૂા. ૧–૪–૦

## શ્રી કુમારપાળ પ્રતિબોધ.

### ( સુંદર ચિત્રો સહિત. )

જ્ઞાનના મહાસાગર કલિકાલ સર્વજ્ઞ **શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી** મહારાજે ગુજરાતના પ્રખ્યાત ચૌલુક્ય રાજા કુમારપાળ મહારાજને સમયે સમયે જૈન ધર્મનો બોધ વિવિધ વ્યાખ્યાન દ્વારા તે તે વિષયોની અનેક સુંદર કથા સહિત આપેલ છે કે જેની અસરથી કુમારપાળ નરેશે જૈન ધર્મનો સ્વીકાર ( શીવ ધર્મ છોડી દઇ ) ક્રમશઃ કેવી રીતે કર્યો અને સનાતન જૈન ધર્મનો સ્વીકાર કરી મહારાજા કુમારપાળે જૈનધર્મની અતુલ પ્રભાવના, જીવદયાનો ( અહીંસાનો વગડાવેલ ડંકો, કરેલ તીર્થ અને રથયાત્રા, કરવામાં આવેલ શાસનની વિપુલ પ્રભાવના, રાજાની દિવસ તથા રાત્રીની ચર્યા ( રાજકીય, વ્યવહારિક તેમજ ધાર્મિક કર્તવ્ય પાલના ) નૃપતિની ઉચ્ચ ભાવના નીત્ય સ્મરણ વગેરે અનેક વર્ણનો સરલ સુંદર રસિક હોવાથી દરેક વાચકના હૃદય ઓતપ્રોત થઇ જતા વૈરાગ્યરસથી આત્મા છલકાઇ થઈ મોક્ષનો અભિલાષિ બને છે.

સાહિત્ય સાગરના તરંગોને ઉછાળનાર, શાંતરસાદિ સૌંદર્યથી સુશોભિત, અને ભવ્ય, જનોને રસભર કથાઓના પાન સાથે સત્ય ઉપદેશ અને સત્ય જ્ઞાનનું અમૃતનું પાન કરાવનાર આ ગ્રંથના લેખક **શ્રી સોમપ્રભાચાર્ય** મહારાજ છે, કે જે રાજા કુમારપાળના સમકાલીન વિદ્યમાન હતા. આ ગ્રંથ કુમારપાળરાજાના સ્વર્ગવાસ પછી ૧૧મે વર્ષે જ લેખક મહાત્માએ લખેલ છે જેથી તેની તમામ ઘટનાનો તે જ સાચો પુરાવો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ગ્રંથના પઠન-પાઠનથી મહા મંગળરૂપ ધર્મ તેની પ્રાપ્તિ થતા આત્મ જ્ઞાનની ભાવનાઓ પ્રગટતા નિર્મળ સમ્યકૂત્વ, જૈનત્વ, અને છેવટે પરમાત્મત્વ પ્રગટ કરાવનાર એક ઉત્તમ અને અપૂર્વ રચના છે.
પાંચસેહ પાનાનો આ ગ્રંથ છે કિંમત રૂા. ૩-૧૨-૦.

## શ્રી પંચપરમેષ્ઠી ગુણ રત્નમાળા.

વિવિધ અનેક ચમત્કારિક કથાઓ સાથે શ્રી પંચપરમેષ્ઠીના ૧૦૮ ગુણોનું અપૂર્વ વિસ્તારપૂર્વક વર્ણન ) આટલું સરલ સુંદર અન્ય કોઇપણ ગ્રંથમાં પ્રગટ થયેલ નથી.

સકલ મંત્ર શિરોમણી અને ગુણ કલ્પ મહોદધિ ચૌદ પૂર્વના સારભૂત પંચપરમેષ્ઠી નમસ્કાર મહા મંત્ર કે જેનો મહીમા કલ્પવૃક્ષ કરતાં પણ અધિક છે. નવ લાખ વાર વિધિપૂર્વક જાપ કરતાં નર્કનું નિવારણ થતાં ભવનો પાર પામે છે-મોક્ષે જાય છે એમ શાસ્ત્રમાં વર્ણવેલ છે.

આ મહા મંગળકારી પંચપરમેષ્ઠીરૂપ નવકાર મંત્ર કે જેના ૧૦૮ ગુણો હોઇને તેનો ચમત્કાર, પ્રભાવ, તથા તેનું ફળ ઉદાહરણપૂર્વક વિસ્તારથી આ ગ્રંથમાં આપવામાં આવેલ છે કે જેના અભ્યાસ અને આરાધનથી માનવ જન્મ સફળ થાય છે.

જીનેશ્વર ભગવાને પંચપરમેષ્ઠીના ૧૦૮ ગુણોનું ધ્યાન ધરવા ખાસ ફરમાન કરેલ છે તે તે ગુણોનું અપૂર્વ વર્ણન આપવામાં આવ્યું છે. પંચપરમેષ્ઠી અને તેના અનુક્રમે બાર, આઠ, છત્રીશ, પચ્ચીશ, અને સત્તાવીશ, ગુણો મળી ૧૦૮ ગુણ થાય છે. આ ગુણોનું જાણપણું સર્વ કોઇને ન હોઇ શકવાથી હાલ ઘણે ભાગે માત્ર નવકાર મંત્રનું ( શબ્દોનું ) ધ્યાન કરાય છે પરંતુ શાસ્ત્ર મહારાજનું કથન તો પંચપરમેષ્ઠીના ૧૦૮ ગુણના વર્ણનનું સ્મરણ મોક્ષ મેળવવા માટે કરવાનું ફરમાન છે; જેથી ભવ્ય જનોના ઉપકાર નિમિત્તે **શ્રી રામવિજયજી ઉપાધ્યાયજી મહારાજે** તે ગુણોનું અપૂર્વ, સુંદર, સરલ, મોક્ષદાયી વર્ણન અનેક **ચમત્કારીક કથાઓ અને દ્રવ્યાનુયોગની હકીકતો અને શાસ્ત્રોની સાદતો આપી** મોક્ષના અભિલાષિઓ માટે એક અલૌકિક રચના કરી છે. કિંમત રૂા. ૧-૮-૦

## શ્રી સુમુખ નૃપાદિ ધર્મ પ્રભાવકોની ચાર કથાઓ.

આ ઉપદેશક કથાના ગ્રંથ કર્તા મહાન ધુરંધર વિદ્વાન્ આચાર્ય શ્રી **મુનિ સુંદરસૂરીજી મહારાજ** છે. આ મહાન્ આચાર્યે આ કથાનો ગ્રંથ ભવ્યજનોના કલ્યાણના અર્થે બનાવેલ છે, તેમાં આવેલ **( ૧ ) શ્રાવક ધર્મ પ્રભાવ ઉપર ચંદ્રવીર શુભાની કથા** ( ૨ ) દાનાદિ પુણ્ય ફળ ઉપર **ધર્મધનની કથા** ( ૩ ) શ્રાવક ધર્મની આરાધના વિરાધના ઉપર **સિદ્ધદત્ત કપિલની કથા** અને ( ૪ ) ચાર નિયમ પાળવા ઉપર **સુમુખનૃપાદિ ચાર મિત્રોની કથા** આ ચાર કથાઓ એટલી બધી સુંદર, રસિક, પ્રભાવશાલી, ગૌરવતા પૂર્ણ, ચમત્કારીક અને ઉપદેશપ્રદ છે કે તે ચારે કથા વાંચતા રોમ રોમ વિકસ્વર થતાં, ધર્મ ઉપર શ્રદ્ધા થવા સાથે આત્મિક ગુણોને ઉત્તરોત્તર વૃદ્ધિ થતાં, દરેક મનુષ્ય પોતાના આત્માને મોક્ષ નજીક લાવી મુકે છે. ઘણીજ થોડી નકલો સીલીકે છે માટે જલ્દી મંગાવો કિંમત રૂા. ૧-૪-૦

## જૈન નરરત્ન ભામાશાહનું જીવન ચરિત્ર.

હાલના સમયમાં ઇતિહાસનો અભ્યાસ, વાંચન કથાઓનો આદર જૈન સમાજમાં કેટલાક અંશે વૃદ્ધિગત થતો જોવામાં આવતો હોવાથી તેમજ દેશમાં, સમાજમાં પણ દેશ અને સમાજ સેવાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પવન જોશભેર ફુંકાતો હોવાથી મનુષ્યો તેવા સેવા કરવા ઇચ્છતા હોવાથી પ્રસંગાનુસાર તેમની ભાવનામાં વધારે બળ મળે એ આશયથી ઇતિહાસ પ્રસિદ્ધ **જૈન કુળભૂષણ ભામાશાહનું ચરિત્ર** ઐતિહાસીક દૃષ્ટિએ તૈયાર કરાવી છપાવેલ છે. આ ગ્રંથમાં નરરત્ન ભામાશાહનો જ્વલંત દેશ તથા સમાજ પ્રેમ–સેવા અને **શ્રીમાન્ હીરસૂરીશ્વરની** અહોનીશ ધગધગતી જ્વલંત શાસનદાઝ એ બંને આદર્શો સાથોસાથ ઉભા રહી ધર્મ પ્રેમના પ્રકાશો પાડી રહેલ છે. જે વાંચતા તે મહાપુરૂષની પ્રભા આપણા જીવનમાં વણી લેવાને રહેજે લલચાઇએ છીએ. શુમારે છત્રીશ ફોર્મ ત્રણસે પાનાનો સચિત્ર ઉંચા કાગળ પર સુંદર ટાઇપમાં છપાવી સુશોભીત બાઈંડીંગથી અલંકૃત કરવામાં આવેલ આ ગ્રંથ છે. કિંમત રૂા. ૨–૦–૦

---

## સ્ત્રી ઉપયોગી સુંદર ચરિત્ર.

### સતી સુરસુંદરી ચરિત્ર.

**( રાગરૂપી આગ અને દ્વેષરૂપી કાળા નાગને શાંત કરવામાં જાપ અને મંત્રની ઉપમાને યોગ્ય અદ્ભુત રસિક કથા ગ્રંથ ).**

આ ગ્રંથના મૂળ કર્તા શ્રી ધનેશ્વરમુનિની આ સતી શિરોમણી સ્ત્રી ઉપયોગી કથાની રચના જૈન કથા સાહિત્યમાં બહુ જ આદરને પાત્ર મનાઇ છે. વૈરથી ધગધગતા અને રાગ મોહથી મુંઝાતા હૈયાને શાંત બનાવવાની કળા, કુશળતા અને તાર્કિકતા, કર્તા વિદ્વાન મહારાજે આ ગ્રંથમાં અદ્ભુત રીતે બતાવી છે.

પ્રાચીન શૈલીએ લખાયેલ આ કથાને બની શકે ત્યાં સુધી આધુનીક શૈલીએ મૂળ, વસ્તુ અને આશય, એ તમામ સાચવી સરલ રીતે આ ગ્રંથની રચના કરવામાં આવી છે.

પ્રથમ કથા ચરિત્ર, પછી કેવળી ભગવાનની ઉપદેશ ધારા અને તે પછી પ્રાસંગિક નૈતિક ઉપદેશક શ્લોકો અર્થ સાથે ગોઠવીને આધુનિક પદ્ધતિએ પ્રગટ કરેલ છે.

રસદૃષ્ટિ, ઉપદેશ, ચરિત્ર કથા, અને પ્રાચીન સાહિત્યની દૃષ્ટિએ આ ગ્રંથ એક કિંમતી અણમોલ અને અનુપમ રત્ન છે. કિંમત રૂા. ૧–૮–૦ છે.

---

## વીશસ્થાનક તપ પૂજા ( અર્થ સાથે )

### વિસ્તારપૂર્વક વિવેચન તથા મંડળ સહિત.

વિસ્તારપૂર્વક વિધિ વિધાન, નોટ, ચૈત્યવંદન, સ્તવનો, મંડળો, વિગેરે અને સાદી સરલ ગુજરાતી ભાષામાં અર્થ સહિત અમોએ પ્રગટ કરેલ છે. વિશસ્થાનક તપ એ તિર્થંકર નામ કર્મ ઉપાર્જન કરાવનાર મહાન તપ છે. આ ગ્રંથમાં શ્રી વીશસ્થાનક તપનું મંડળ છે, જે કોઇ અત્યાર સુધી જાણતું પણ ન હતું, છતાં અમે ધણી શોધખોળ કરી, પ્રાચીન ધણીજ જુની તાડપત્રની પ્રત ઉપરથી મોટો ખર્ચ કરી, ફોટો, બ્લોક, કરાવી છપાવી આ બુકમાં દાખલ કરેલ છે આ એક અમુલ્ય ( મંડળ ) નવીન વસ્તુ જીનાલય, ઉપાશ્રય, જ્ઞાનભંડાર, લાઇબ્રેરી અને ધરમાં રાખી પ્રાતઃકાળમાં દર્શન કરવા લાયક સુંદર ચીજ છે. કિંમત ૧–૦–૦ છે. દરેક ગ્રંથનું પોસ્ટ જુદું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક : ૪૨ મું : આત્મ સં. ૪૮ વિક્રમ સં. ૨૦૦૦ : ભાદ્રપદ :
અંક : ૨ જો : વીર સં. ૨૪૭૦ ઈ. સ. ૧૯૪૪ : સપ્ટેમ્બર :

# શ્રી સિદ્ધાચલ સ્તવન.

( રાગ–ભારતકા ડંકા આલમમેં. ભીમપલાસ. )

અમૃત વરસે મુજ અન્તરમાં, નાભિનંદન મૂર્ત્તિ નિરખી;
જ્યા સિદ્ધ અનંત વર્યા સિદ્ધિ, સિદ્ધાચળ ગુણ ગાઉં હરખી. ટેક.

ભવમાં ભટક્યો મમતા બળથી, કુમતિકેરા મિથ્યા કળથી;
નિજ સંચિત પાતક પરિહરવા, સિદ્ધાચળ ગુણ ગાઉં હરખી. ૧.

પ્રભુ ચરણ શરણ ગ્રહવા આવ્યો, શુભવૃત્તિ હૃદય કમળે લાવ્યો;
મુજ જન્મ–મરણનું દુઃખ તજવા, સિદ્ધાચળ ગુણ ગાઉં હરખી. ૨.

પ્રભુ શાન્ત સુધારસ સુખ આપે, અન્તર શત્રુ દુઃખને કાપે;
ભવસિન્ધુ દુસ્તર આ તરવા, સિદ્ધાચળ ગુણ ગાઉં હરખી. ૩.

શુભ મેઘરૂપ પ્રભુને ભાળી, ચાતક સમ ઉર વૃત્તિ વાળી;
એ જ્ઞાનોદકને મુખ ગ્રહવા, સિદ્ધાચળ ગુણ ગાઉં હરખી. ૪.

મહામંત્ર વિમળ તુજ નામ જપી, દુશ્મન જીતું મોહરૂપી;
**હેમેન્દ્ર અજિત** પદને વરવા, સિદ્ધાચળ ગુણ ગાઉં હરખી. ૫.

રચયિતા—**મુનિ મહારાજ શ્રી હેમેન્દ્રસાગરજી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# मेघान्योक्ति

( अनुष्टुप् )

**गौरवं प्राप्यते दानान्न, तु वित्तस्य संचयात् ।**
**स्थितिरुच्चैः पयोदानां, पयोधीनामधः स्थितिः ॥ १ ॥**

આ સંસાર, અસાર કહેવાય છે, છતાં વિવેકી પુરુષો તેને શ્રદ્ધા, ભાવ અને સૂક્ષ્મતાથી અવલોકન કરી સસાર બનાવી શકે છે, માત્ર વિવેકદ્રષ્ટિ અને ગુણગ્રાહકતા જોઇએ.

ઉપરની એ જ રહસ્યભરી અન્યોક્તિ સ્પષ્ટ સૂચવે છે કે—આકાશમાં ચઢી આવેલ મેઘને, તથા ભૂમિમાં–ઊંડાણમાં પડેલા મહાસાગરને અવલોકતાં જ ઉપરની અન્યોક્તિ કોઇ વિદ્વાનના હૃદયમાં સ્ફુરી આવી છે, તે કહે છે કે—

હે મનુષ્ય સમાજ ! જો માનવજન્મની સફળતા કરવી હોય, તો જુઓ આ **મેઘ** અને આ **મહાસાગર** ! ! !

મેઘ ઉચ્ચ સ્થાને બિરાજે છે અને સાગર ખાડામાં પડ્યો છે. મેઘ કરતાં સાગરનું જળ અપરિમિત છે, છતાં બંનેના સ્થાનમાં આ પ્રમાણેનું મહદંતર કેમ ?

આ પ્રશ્નનો જવાબ દૃષ્ટિગોચર પ્રત્યક્ષ જ છે.

" મોટાઇ મળવી કે મોટું સ્થાન મળવું એ પોતાની સમૃદ્ધિનો દાન( પરમાર્થ )માં ઉપયોગ કરનારને સહજસાધ્ય છે, વરસાદ પોતાની જળરૂપી સમૃદ્ધિ પરમાર્થે વાપરે છે માટે ઉચ્ચ સ્થાન પામે છે, ને મહાસાગર અગાધ જળની સમૃદ્ધિવાળો છતાં કોઇ તૃષાતુરની તૃષા પણ મટાડતો નથી, માટે પૃથ્વી પર ખાડામાં સ્થાન પામ્યો છે.

લી૦ ગુણગ્રાહક
**રેવાશંકર વાલજી બધેકા**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'માનવીને'

લેખક : આ૦ શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

માનવી! તારે સાચું સુખ જોઇતું હોય તો તું મોજશોખ છોડી દે, કારણ કે તે એક પ્રકારની મૂર્ખાઇનું પરિણામ છે. મૂર્ખ માણસ સાચું જાણી શકે નહીં, એટલે જ સાચો સુખી થઇ શકે નહીં. મોજશોખ કરવાથી સાચું જીવાય નહીં માટે માનવીએ સાચું જીવવા તરફ વધારે ધ્યાન આપવું જોઇએ, કારણ કે તે સિવાય તો સાચું સુખ મળી શકતું નથી.

માનવી! તારા જીવનું શુદ્ધ સ્વરૂપ તે સાચું જીવન છે અને સુખ પણ તે જ છે. પણ વર્ણ, ગંધ, રસ, શબ્દ અને સ્પર્શરૂપ મોજ-શોખનાં સાધન તો કચરો છે, કે જે તારા જીવનને ઝાંખું બનાવે છે. તું એમ માને છે કે–હું જીવું છું પણ તું ભૂલે છે, કારણ કે જીવન એટલે સાચી પૂર્ણ સ્વતંત્રતા. તેમાંનું કાંઇ પણ તારી પાસે નથી. ખાધા વગર મરી જવાય એવી તારી દૃઢ શ્રદ્ધા છે. તું જાણે છે મરી જવું એટલે શું? તેં ધારણ કરેલા દેહનો ત્યાગ. તેં આ સંસારમાં ભ્રમણ કરતાં જુદા જુદા અનેક પ્રકારના દેહ ભોગવ્યા તો પણ તને દેહનો ભોગ છોડવો ગમતો નથી. એટલે જ તું સાચું જીવતો નથી, માટે તારું જીવન ખોટું છે અને મરણ પણ ખોટું છે; કારણ કે તેં માની રાખેલા જન્મ–મરણ, સુખ–દુ:ખ, આનંદ બધુંય કર્મનું પરિણામ છે.

માનવી! તારી પાસે જ્ઞાનનું અજવાળું હોય તો તારા જીવનને તપાસી જો. તેની પાસે તેં માની રાખ્યું છે તેમાંનું કશુંયે છે? તો પછી શા માટે તારા જીવ પર ખોટાં આળ ચઢાવીને તારી અજ્ઞાનતા જાહેર કરે છે? તારે સાચું જીવવું હોય તો બીજા જીવોને જીવાડ, તે સિવાય તો તારા જીવવાના બધાય ઉપાયો ખોટા છે. અને જો જીવોને જીવાડવા હોય તો મોજશોખને તું ભૂલી જા. જેમ તને તારા કૃત્રિમ જીવનમાં જીવવું ગમે છે અને દેહ છોડવો ગમતો નથી તેમ બીજા જીવોને પણ દેહ છોડવો ગમતો નથી. તેઓ પણ અનાદિ કાળનાં સંસ્કાર પ્રમાણે જીવવાના સાધન વાપરી દેહને જાળવી રાખે છે; પરંતુ પોતે નિર્બળ અને અસહાય હોવાથી તેમને જીવન રહિત કરી તેમનું શરીર પડાવી લેવાના તારા બળાત્કાર આગળ તેમનું કાંઈ પણ ચાલી શકતું નથી. એટલે તારી મોજ-શોખની તૃષ્ણા શાંત કરવા પોતાનું શરીર તને અર્પણ કરે છે કે જેને વાપરીને તું એમ માને છે કે હું સુખી છું.

માનવી! તું અનંતી વાર મર્યો છે એટલે તું મરવાથી ટેવાઇ ગયો છે, જેથી તને જીવન-કાળમાં મરણનું દુ:ખ સાંભરતું નથી અને બીજા જીવોને મારીને આનંદ માને છે અને સુખી જીવનની ભ્રમણામાં મસ્ત થઇને ફરે છે. જ્યારે મોત આવીને ઊભું રહે છે ત્યારે જ સુખ તથા આનંદ વિસારીને કેવળ દુ:ખ વેદે છે. એવી જ રીતે તને અનાદિ કાળથી જીવોને મારવાની ટેવ પડી ગયેલી હોવાથી તેમનું મરવાનું દુ:ખ ન ગણીને પોતાના નિર્દય જીવ-નમાં જીવવાની તૃષ્ણા રાખે છે; પરંતુ આવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિર્દય જીવનમાં જીવનાર પોતાને જીવવાનું માનતો હોય તો તે મોટી ભૂલ કરે છે કારણ કે અત્યાર સુધીમાં બીજાને મારનાર કોઇ પણ સાચું જીવી શકયો નથી.

માનવી ! જડાસક્ત જગત પોતાને જીવવાનું માને છે; પણ કૃત્રિમ જીવનમાં જીવવાને તો બીજાના શરીરોની જરૂરત પડે છે, કારણ કે જેટલા કૃત્રિમ જીવનમાં જીવે છે તે બધાય બીજા જીવોની જીવવાની આશા છોડાવી દઈને તેમના શરીરોથી પોતાના દેહને જાળવી રાખે છે તો યે ઈચ્છા પ્રમાણે પોતાના દેહને ભોગવી શકતા નથી. પરિમિત કાળ સુધી જ પોતાના દેહને વાપરીને છેવટે અનિચ્છાએ દેહનો ત્યાગ કરવો પડે છે, અને બીજાના દેહ વાપરવાથી જીવાય છે એવી ખોટી માન્યતાની ખાતરી થાય છે; કારણ કે અન્ય જીવોના શરીરોને વાપરવા છતાં પોતાના દેહને છોડવો પડે છે કે જે એક કૃત્રિમ જીવનમાં જીવવાનું ચિહ્ન છે. અને સાચા જીવનમાં જીવવાને તો જડાત્મક દેહના સંબંધ જેવું કાંઈ પણ હોતું નથી એટલે બીજા જીવોના શરીરો વાપરવા પડતાં નથી.

માનવી ! જેનું કારણ મૃત્યુ છે તેનું કાર્ય જીવન કયાંથી હોઇ શકે ? તને અનાદિ કાળના અભ્યાસને લઇને જીવવાની શ્રદ્ધા હોવાથી ભલે તું માની લે કે હું જીવું છું, પણ તું જન્મ્યો ત્યારથી જ મરણની શરૂઆત થઈ છે અને દરેક ક્ષણે તું મરે છે. જેમ પાંચ વર્ણના પાંચ દોરડાના ચાર ચાર હાથના ટુકડા લઇને તેમાંથી ધોળા વર્ણના ટુકડાને એક છેડેથી સળગાવીએ, તે સળગીને પૂરું થઈ રહેવા આવે ત્યારે તેના છેડે લાલ વર્ણના કટકાને સાંધીયે, તે બળી રહે એટલે પીળો, પછી કાળો, એમ અનુક્રમે કટકાઓ સંધાતા જાય છે અને બળીને ક્ષય થતા જાય છે; પણ નવું કાંઈપણ ઉત્પન્ન થતું નથી, તેમ જ ભિન્ન ભિન્ન ગતિના આયુષ્યના દોરડાં સળગીને–ભોગવાઇને–ક્ષય જ થાય છે. એક ક્ષય થઈ રહે એટલે બીજા આયુષ્યનું અનુસંધાન થાય છે. પછી ત્રીજું, ચોથું સંધાઇને ક્ષય થાય છે. આ પ્રમાણે આયુષ્યકર્મના ક્ષય સિવાય જન્મ કે જીવન જેવું કાંઈપણ જણાતું નથી, તો પણ સંસારી જીવોની વ્યવસ્થા જાળવવાને માટે વ્યવહારથી કોઇપણ એક આયુષ્ય ક્ષયની શરૂઆતમાં જીવની સાથે દેહનો સંબંધ થાય છે તેને જન્મ કહેવામાં આવે છે. અને તે જ દેહમાં આયુષ્ય સંપૂર્ણ ક્ષય થઇ રહે ત્યાંસુધીના કાળને જીવનકાળ કહેવામાં આવે છે, અર્થાત્ આયુષ્યક્ષયનો પ્રારંભ તે જન્મ, સંપૂર્ણ ક્ષય તે મરણ અને આયુષ્યક્ષયની આદિથી લઇ તે છેલ્લા ક્ષણિક ક્ષય સુધીમાં મધ્યના ક્ષયના ક્ષણ તે જીવનના નામથી ઓળખાય છે. તે સિવાય તો આત્મામાં જન્મ-મરણ કે જીવન જેવી કોઈપણ વસ્તુ હયાતી ધરાવતી નથી. બાકી નિરાવરણ શુદ્ધ આત્માનું ત્રણે કાળમાં સ્વસ્વરૂપમાં રહેવું તે–જ્ઞાન, સુખ, આનંદ તથા જીવનના નામથી ઓળખાય છે, કે જેને સાચું જીવન કહેવામાં આવે છે. આવા સાચા જીવનમાં તું એક ક્ષણ પણ જીવતો નથી, જો એક ક્ષણ પણ તું સાચું જીવે તો તારા માટે મૃત્યુ જેવું કાંઇપણ રહેતું નથી. અને સાચું સંપૂર્ણ જીવન મેળવીને હમેશના માટે સાચો સુખી થઇ શકે છે, પણ તે દશા તો એક ક્ષણમાત્ર પણ આયુષ્યકર્મ ન ભોગવે ત્યારે જ પ્રગટ થઇ શકે છે. અર્થાત્ કર્મના કાર્યરૂપ જીવનમાંથી એક ક્ષણ પણ સર્વથા મુકાઇ જવાય તો જ પોતાના સ્વરૂપમય જીવનને મેળવી શકાય છે. પણ તું અનાદિ કાળથી કર્મના કાર્યરૂપ ખોટા જીવનને જ જીવવું માની દ્રઢ શ્રદ્ધાળુ થઇ ગયો છે, કે તને સાચા જીવનની વાત ગળે ઉતરે તેમ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને પોતાની અજ્ઞાનતાને લઈને જીવવાને માટે બીજા જીવોને મારી તેમના શરીરનો ઉપયોગ કરે છે. જો કે તારે સાચું જીવન મેળવવાને દેહની જરૂરત હોવાથી તેને જાળવવું પડે છે પણ તે અલ્પ અપરાધે તું જાળવી શકે છે. અપરાધોથી સર્વથા મુકાઇ જઈને નિરપરાધી દશા પ્રાપ્ત કરી સાચા જીવનમાં જીવનાર મહાપુરુષો દેહની મમતા છોડી દઇને તપ આદરે છે એટલે તેમને કોઇપણ જીવનું શરીર વાપરવાની જરૂરત રહેતી નથી અને કદાચ રહેતી હોય તો તે નજીવી હોય છે. જ્યારે તેમને પોતાના કર્મના કાર્યમાંથી મુકાવાના પ્રયાસમાં પોતાનો દેહ કામ આપતો અટકી પડે છે ત્યારે જ તેઓ કોઇપણ વ્યક્તિએ પોતાના માટે તૈયાર કરેલા આહારમાંથી અલ્પ પ્રમાણમાં લઇને પોતાના કાર્યમાં દેહને મદદગાર બનાવે છે. આ પ્રમાણે મહાપુરુષો અત્યંત અલ્પ અપરાધે કર્મના કાર્યમાંથી સર્વથા મુકાઈને સંપૂર્ણ સાચું જીવન મેળવી સાચા સુખી બની શકે છે. આવા મહાપુરુષોનું અનુકરણ કર્યા સિવાય તો તું કર્મના કાર્યમાંથી મુક્ત થઇ શકતો નથી અને સાચું જીવન મેળવ્યા વગર સાચો સુખી થઇ શકતો નથી.

માનવી! તને ખબર છે કે તારી દરેક પ્રવૃત્તિના ઓળા તારા ઉપર પડે છે? તું કોઇને ગાળ દઈશ તો તરત જ તારા કાનમાં ગાળના શબ્દો અથડાશે અને જો સ્તુતિ કરીશ તો સ્તુતિના શબ્દો સંભળાશે. તેમ જ મરો કહીશ તો સામેથી મરો અને જીવો કહીશ તો જીવોનો તારા કાનનાં પડઘો પડશે. તેવી જ રીતે કાયાથી કોઇને મારીશ તો તને માર પડશે અને સેવા કરીશ તો બદલામાં સેવા મળશે અને મનની પ્રવૃત્તિથી બીજાનું જેવું ચિંતવીશ તેનો ઓળો પણ તારા ઉપર તેવો જ પડશે. જ્યાં સુધી તું દેહાધ્યાસી રહીને અજ્ઞાનતાથી બીજા જીવોને મારવાની પ્રવૃત્તિ ચાલુ રાખીશ ત્યાં સુધી તારે મૃત્યુને આધીન રહેવું પડશે અને દેહ તથા આત્માની ભિન્નતાને સમ્યગ્જ્ઞાનદ્વારા ઓળખીને બીજા જીવોને તેમના જીવનમાં જીવવા દઇશ તો સદાયને માટે તું જીવીશ અને પૂર્ણ સ્વતંત્રતા મેળવીને હમેશના માટે સુખી થઇશ.

માનવી! તારે મોજશોખદ્વારા આનંદ તથા સુખ મેળવવા જીવવું છે અને બીજાને મારવા છે, આ તે કેવો ન્યાય? કાંઇ સદ્બુદ્ધિથી વિચારી જોયું છે કે બીજાને મરણાંતિક દુઃખ આપવાથી સુખ તથા આનંદ મળી શકે છે? તેં પોતાની મિથ્યાબુદ્ધિથી સ્વચ્છંદપણે ચાલીને અનંતા જન્મમરણ કર્યાં અને સુખના બદલે અનંતુ દુઃખ જ ભોગવ્યું છે; પણ પ્રભુના વચનોનો આદર કર્યા સિવાય તો તું સુખની સીમા જોઈ શકવાનો નથી. પ્રભુ કહે છે કે–બુદ્ધિ વગરના અજ્ઞાની જીવો સંસારમાં રખડીને અનંતું દુઃખ ભોગવી રહ્યા છે અને માને છે કે અમે સુખી છીએ પણ તે એક પ્રકારની ભ્રમણા જ છે. સાચા–વિવેકી માનવજીવનનાં જીવ્યા સિવાય તો સાચા સુખની દિશા સન્મુખ થઇ શકાય જ નહીં.

માનવી! તું જાણે છે, સુખી કોણ હોઇ શકે? જેને દેહના ભોગરૂપ જીવન નથી અને દેહના વિયોગરૂપ મરણ નથી, જેને ઇંદ્રિયોના ભોગ નથી તેમ જ શોક કે રોગ નથી, જેને ઇચ્છાનો આદર નથી અને પૌદ્ગલિક વસ્તુનો સત્કાર નથી, અથવા તો જેઓ બહિર્જગતથી બહિષ્કૃત થઇને અંતર્જગતમાં વિચરી રહ્યા છે, કેવળ કર્મક્ષય કરવાના હેતુથી જ દેહનો ઉપયોગ કરી રહ્યા છે, જેઓ પ્રભુના વચનોનો આદર કરીને આત્માને અજવાળી રહ્યા છે, જેઓ સમભાવમાં રમી રહ્યા છે, જેઓ ઇર્ષ્યા–દ્વેષ અને અણગમાની અવગણના કરી રહ્યા છે, જેઓ મિથ્યાભિમાનને નબળો બનાવી રહ્યા છે અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આશા–તૃષ્ણા

લેખક : મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ

**"नहि तृष्णा परो व्याधिर्न तोषात् परं सुखम्"**

**તૃષ્ણા સમાન કોઈ વ્યાધિ નથી,**
**તેમ સંતોષ સમાન કોઇ સુખ નથી.**

જગતના જીવો આશા–તૃષ્ણાથી દુઃખ અનુભવે છે, છતાં આશાની મોહજાળને છેદી નાખવા તત્પર થતા નથી. આશા એ સ્વધર્મ નથી. સંતોષ એ આત્માનો ધર્મ છે. તેમાં જ ખરૂં સુખ સમાયેલું છે. **संतोषम् परमं सुखम्** પૌદ્‌ગલિક વસ્તુનો પરિત્યાગ ઓછાવત્તા અંશે થાય તો જ સંતોષની સુંદરતા જણાય. આશા પૂર્ણ થતી નથી. પૂર્ણતાનો ગુણ તેમાં સમાએલો નથી. કોઈ શુભયોગે એક વિષયની આશા તૃપ્ત થતાં બીજી અનેક આશાઓ ઉદ્ભવે છે. આત્મા જન્મમરણ કરી થાકે છતાં આશા જીર્ણ બનતી નથી. જ્ઞાનીઓએ આશાના પરિત્યાગમાં સુખ બતાવ્યું છે. આશા જ્યાં સુધી ન છૂટે ત્યાં સુધી ધર્મકરણીમાં ચિત્ત પરોવાતું નથી. યાવત્ દુનિઆનાં રાજ્યસત્તા મેળવવાની આશા ભાવનામાં જીવને ધક્કેલી દે છે. તેથી કૃત્ય–અકૃત્યનો વિવેક રહેતો નથી. ન કરવાના વિચારો કરાવે છે, ઈજ્જત આબરૂ પણ ઘટવા પામે છે અને કષ્ટો આશાબળે સહન કરે છે. કોઇને દુઃખી સમજી દાન પણ કરવાની ભાવના જાગૃત થવા દેતી નથી. નિરંતર નિઃસાર વસ્તુની ચિંતા જીવ અમૂલ્ય સમયે ગુમાવતો હોય છે. આશાની થોડીક ઉપેક્ષા કરી જુવે તો જરૂર તેને સુખની લ્હેર આવી જાય. ચિત્તની ચંચળતા કે વ્યાકુળતા મટતાં આત્મતત્ત્વની વિચારણા જાગે, ત્યારે જ માયિક વસ્તુની દુરંતતા જણાય, નિર્મમત્વભાવ જાગે, તૃષ્ણાની દુઃખકારી ભાવના તરફ અરુચિ જાગે, અહંકાર અભિમાન-વૃત્તિ ઓછી થાય, બાહ્ય વસ્તુઓની આસક્તિ ટળે, વસ્તુસ્વરૂપ સમજાય, અનિત્ય પદાર્થોને સમજતાં વિચારતાં વૈરાગ્ય પ્રગટે, પરતંત્રતા ટાળી સ્વતંત્રતા મેળવવા આત્મા પુરુષાર્થ કેળવે.

મોહ ને મમતાને પોતાનું અહિત કરનાર સમજે. તપ, ત્યાગ, વૈરાગ્ય એ જ મારા હિત કરનારા સાધનો છે, એમ સમજે તો જરૂર કલેશોથી આત્મા મુક્ત થાય. "ક્રોધ, માન, માયા, લોભ, મદમત્સર" એ આત્માના ખરા શત્રુઓ છે. આશા તૃષ્ણાના ત્યાગથી જ જીતાય છે. ન જીતાય ત્યાંસુધી મહાવ્રતો અને શ્રાવકના વ્રતો ભારરૂપ બને છે. જન્મ મરણ ઓછા કરવા બળ સંપ્રાપ્ત થતું નથી. આશાનો અંત કોઇ દિવસ આવતો નથી. મૃગતૃષ્ણાની માફક આંખથી દેખાતી વસ્તુઓમાં સુખ નથી

---

જેઓ વૈરવિરોધની કનડગતથી મુકાઈ ગયા છે તે જ મહાપુરુષો સંસારમાં સુખી છે; તેમણે જ જડાધીનતામાંથી મુકાઇ જઇને સંપૂર્ણ સ્વતંત્રતા મેળવી છે અને આવા આત્માઓ જ પરમાનંદી તથા પરમ સુખી થઇ શકયા છે. બાકી તો જીવોને સંસારમાં બીજી કોઈ પણ પ્રકારની પ્રવૃત્તિમાં સુખ નથી, અને કર્મની પ્રબળ સત્તા નીચે કામ કરનાર માનવી ભલે પોતાને માને કે હું સુખી છું પણ તે કોઇ પણ પ્રકારે સુખી થઇ શકતો નથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છતાં આશાના કેફથી સર્વ કંઈ ભૂલાય છે. ઘડીક પૃથ્વી માટે, ઘડીક સમગ્ર સમાજનો દોરવનાર નેતા તરીકેની ભાવના જાગે છે. તેને પોષવા અનેક કુમતની રચના કરવી પડે છે. શાસ્ત્રોનાં અર્થને પોતાના પક્ષમાં લઈ જવા પ્રયત્ન થાય છે. ભોળા જીવોને પોતાની જાળમાં ફસાવી સાનુકૂળતા મેળવી જીવ ખુશી થાય છે, પરંતુ જ્ઞાની પુરુષો તો આ બધી ધાંધલને આત્મવિનાશ તરીકે ઓળખાવે છે. આશાના જે ગુલામ બને છે તે જગતના ગુલામ તરીકે લેખાય છે.

" આશા દાસીકે જે જાયા,
તે જન જગકે દાસા "
આશા દાસી કરે જે નાયક,
લાયક અનુભવ પ્યાસા "

**" आशाया ये दासास्ते दासाः सर्वलोकस्य।
आशा येषां दासी तेषां दासायते लोकः ॥ "**

જે આશાને સમજી છોડે છે તે જગતના નેતા બને છે, સર્વ સુખના અધિકારી બને છે, ઇન્દ્ર, ઉપેન્દ્ર, ચક્રવર્તી કરતાં પરમ સંતોષમાં રહેનાર સંત સાચો સુખી છે. સંતોષરૂપી અમૃતથી એ પરિતૃપ્ત થયેલો હોય છે. તૃષ્ણાથી ઘેરાયેલો આત્મા ભલે સત્તાધારી હોય કે ધન-કુબેર હોય. પણ જનહિતાર્થે તેનો સદ્ઉપયોગ ન કરતો હોય તો તે દુઃખી છે. બીજી જિંદગીમાં ભિખારી દશામાં પરિભ્રમણ કરતો ને બીજા પાસેથી યાચના કરતો નજરે પડે છે. જે અન્યને આપે છે તે જ મેળવે છે. જે પર-હિતાર્થે કંઇ જ નથી આપતો તે સર્વ કંઈ ગુમાવે છે. આકાશ ભરાય તો તૃષ્ણા ધરાય. આકાશ અનંત તેમ આશા-તૃષ્ણા અનંત છે.

" કોઉ સ્વયંભૂ રમણકો, જે નર પાવે પાર,
સો ભી લોભ સમુદ્રકો, લહે મધ્યન પ્રચાર;
મન સંતોષ અગસ્તિકું, તાકે શોષ નિમિત્ત,
નિત સેવો જિનિસો કિયો, નિજ્જળ અંજલી મિત્ત."

જેણે આશા છોડી છે, સંતોષવૃત્તિ ધારણ કરી છે તે જ લોભનો પરાજય કરી શકે. લોભ ઘટે તો મોહ ઘટે. ત્યારે જ મમતા જાય અને સંતોષ સુખની પ્રાપ્તિ થાય. ક્ષણિક વિનશ્વર વસ્તુની અસારતા અને અનિત્યાદિ ભાવનાનો વિચાર કરનાર આશા-તૃષ્ણાનો ઉચ્છેદ કરે છે. આધ્યાત્મિક ભૂમિકા તેને પ્રાપ્ત થાય છે. સાધુતાનો તે ખરેખરો અધિકારી બને છે. ઉચ્ચ ગુણસ્થાન પ્રાપ્ત કરે છે. વલ્કલ વસ્ત્ર માત્ર પરિગ્રહીને આશા તૃષ્ણા હોય તો તે ભિખારી છે. નિરિહભાવે કિંમતી વસ્ત્રો દેહ પર પડ્યા હોય, તે ઉપર મમતા ન હોય તો તે ખરો ત્યાગી છે. આશાએ કલ્પેલી વસ્તુ પણ કલ્પિત અને નાશવંત હોય છે. જો આશા શુભ અનુષ્ઠાન કરવા માટેની હોય તો તેને ધર્મમાર્ગમાં આગળ વધારે છે. મોક્ષનો અભિલાષ તે તે આત્માને મોક્ષ તરફ લઇ જાય છે. માર્ગમાં આવતા કષ્ટો તે સંતોષદ્વારા સહન કરી, કર્મ ખપાવી સત્સુખની પ્રાપ્તિ કરે છે. ધન, સત્તા, પરિવાર એ આત્માને દુઃખ અપાવનાર છે. તેની આશા તૃષ્ણા આત્માને કષ્ટ આપનાર છે, એમ સમજી આશા તૃષ્ણાથી દૂર થવા ભવ્યાત્મા પ્રયત્ન કરે. દરેક જીવોએ સંયમના માર્ગે શાસનની પ્રાપ્તિ કરવા અર્થે પ્રયત્ન કરવો જોઇએ.

જેની પાસે શક્તિ હોય, બુદ્ધિબળ હોય કે ઓજસ હોય તે આત્મા શાસનની ઉન્નતિ, સેવા કરવામાં ખરચીને કૃતકૃત્ય થાય. નાહકનાં કલેશો ઉત્પન્ન કરી સંસારમાં પરિભ્રમણ કરાવ-નાર ખોટાં મતપંથોની સ્થાપના કરવાના પાતકથી સદા દૂર રહો! તો જ ધર્મ અને શાસનની પ્રાપ્તિ જન્માંતરમાં પણ થાય અને તેના નિમિત્તથી જન્મ મરણ મટશે-થોડા જન્મ મરણ થશે. સદ્ધર્મની પ્રાપ્તિ કરી અજરા-મરતા મેળવી અન્યને મદદરૂપ બનો. આશા-તૃષ્ણાના પરિત્યાગમાં મોક્ષ છે, આત્મસમાધિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વીર વિક્રમાદિત્ય

લેખક : મુનિ શ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ

સરલતા, ઔદાર્ય અને સૌજન્યપૂર્ણ જેનું જીવન હતું, દેશજનો પ્રત્યે જે સમભાવી હતો, શત્રુ મિત્ર જેવો ભાવ જેના વિચારમાં પણ ન હતો તે પૂણ્યશ્લોક વિક્રમનું નામ સર્વ માનવો, પશુ પક્ષી સર્વને માટે બોધપ્રદ અને પ્રેમપાત્ર હો.

પ્રજાનું રક્ષણ કરી પૂર્ણ વાત્સલ્યભાવે જે ભરણપોષણ સંસ્કારપૂર્ણ કરતો હતો તેથી તે પ્રજાપાલક વિક્રમાદિત્ય પ્રજાનો સાચો પિતા હતો. દાસત્વમાં ડૂબેલી પ્રજાને સ્વાતંત્ર્યનો સદ્બોધ આપી, દીનતા અને દુર્ભિક્ષના દુઃખો ટાળી, પ્રજાને ઋણમુક્ત કરી વિક્રમાદિત્યદેવે 'પરદુઃખભંજન' અને 'સંવત્સરપ્રવર્તક' બિરુદો સફળ કર્યાં હતાં. અનાર્યો અને વિદેશી આક્રમણકારોને હાંકી કાઢી પ્રજાને નિર્ભય બનાવી પ્રજાનો સાચો પ્રેમ વિક્રમાદિત્ય દેવે સંપાદન કરી લીધો હતો. પાપીઓના ભારથી ત્રાસ પામેલી પૃથ્વીને ઉદ્ધારી, કલામય મંદિરોથી કલાને પોષી, દાનશાળાઓ સ્થાપી અપાર દાન કરી, તપસ્વીઓની સેવા કરી, સેવાભાવ કેળવી વિક્રમાદિત્યે પોતાનું શ્રેષ્ઠ માનવપણું સિદ્ધ કરી બતાવ્યું હતું. પુનઃ મૌર્યવંશની યશ:ગાથા સદ્ગુણોવડે ગવરાવી હતી. સમ્રાટ્ સંપ્રતિના ધર્મકાર્યો પૂર્ણ કરવા નૃપતિ ભાગ્યશાળી બન્યો હતો. મૌર્યવંશ અને તુવરવંશ સર્વશ્રેષ્ઠ ગણાવા માટે વીર વિક્રમના સદ્ચારિત્ર અને દાનશીલતા કારણરૂપ મનાય છે.

આર્ય પૃથ્વી આવો શાસક પામી ધન્ય બની, જનતા આવો સમ્રાટ પામી હર્ષ લહરો અનુભવવા લાગી. કલિયુગમાં પણ સત્યુગ જેવું દર્શન કરાવી સમ્રાટ વીર વિક્રમાદિત્યે પોતાની યશ:કીર્તિ સાર્થક કરી. સૂર્યસમ પ્રતાપી, ચંદ્રસમ સૌમ્ય, વીર વિક્રમે વીરતા પ્રસરાવી દીનતા અને દાસત્વ દૂર કરી સમભાવે અતિશય દાન કરી, ધર્મ, તપ, જ્ઞાન ને ક્રિયા પૃથ્વીમાં સર્વત્ર પ્રવર્તાવ્યાં. સમભાવી સમ્રાટ સ્વરૂપ સિદ્ધ કર્યું. પ્રબળ પુણ્યથી બળ, શૌર્ય વગેરે પ્રાપ્ત થાય છે. તેનો યોગ્ય રીતે પુણ્ય બળથી જ સદુપયોગ કરવો યોગ્ય ગણાય. બળ, નિર્બળોનું રક્ષણ કરવા અર્થે યોજાય તો તે બળધારી પ્રશંસાપાત્ર મનાય છે. 'વીર વિક્રમ' એ પ્રકારનો સાચો વીર હતો. સકળ ગુણોથી વિક્રમાદિત્ય શ્રેષ્ઠ હતો, જે નિરંતર અવંતી પાર્શ્વનાથપ્રભુને નમન કરતો હતો. જે સૂરીશ્વરજી સિદ્ધસેનજીના ધર્મબોધે ધર્મપ્રેમી બન્યો હતો, ચક્રેશ્વરીની જેના પર સદા કૃપા હતી, જેણે પુણ્યબળથી પંચદંડ પ્રાપ્ત કર્યાં હતાં, અગ્નિવેતાલ જેનો આજ્ઞાકારી સેવક હતો, પુણ્ય અને ધર્મ જેની સહાયમાં હતા, જે હંમેશા દીનદુઃખીઓનો ઉદ્ધારક હતો, અબળાઓનો જે સહાયક હતો, જેની કીર્તિ પુરાણોમાં પણ ગવાઈ છે, જેનું ઐશ્વર્ય ઇન્દ્ર સમાન હતું એવા અવંતીપતિ વીર વિક્રમાદિત્ય દેવનું નામ સર્વ કોઇને પ્રિય છે.

બે હજાર વર્ષ વીત્યા છતાં વિક્રમાદિત્ય દેવ માનવ હૃદયમાં અખંડ સ્વરૂપે વિરાજિત છે. તેની યશ:ગાથા ધર્મ, નીતિ ને માનવતાનો બોધ આપે છે. શ્રેષ્ઠ આર્યત્વના સત્ય પ્રતિક સમા વિક્રમાદિત્યનું આદિત્યસમું પ્રતાપી નામ કોઇ પણ ભારતીય જન નહિ જ વિસરે. એવા વિક્રમાદિત્ય દેવને કોટિશ: ધન્યવાદ હો!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમ્યગ્દર્શન વિષે પ્રકીર્ણ જ્ઞેય

લેખકઃ—મુનિ શ્રી પુણ્યવિજયજી ( સંવિજ્ઞપાક્ષિક )

( ગતાંક પૃષ્ઠ ૧૫ થી શરૂ )

**સ૦ દૃષ્ટિને આત્મપ્રત્યક્ષ પરત્વે વિશેષ સ્પષ્ટીકરણ**—" જે આત્મા અતીન્દ્રિય છે તે અતીન્દ્રિયવડે જ ગ્રાહ્ય થઈ શકે " તેના ઉત્તરમાં સમજવું કે મન અમૂર્તિક પદાર્થને પણ ગ્રહણ કરે છે. તત્ત્વાર્થ સૂત્રમાં કહ્યું છે કે–' મતિશ્રુતજ્ઞાનનો વિષય સર્વ દ્રવ્યો છે. ' વળી તે સૂત્રમાં " **आद्ये परोक्षं प्रत्यक्षमन्यत्** " કથિત કરેલું છે. અર્થાત્ મતિ, શ્રુતજ્ઞાન એ પરોક્ષ પ્રમાણ છે, અને અવધિ, મનઃપર્યય અને કેવળજ્ઞાન પ્રત્યક્ષ પ્રમાણ છે. તેમજ તર્કશાસ્ત્રમાં પ્રત્યક્ષ–પરોક્ષનું આવું લક્ષણ કહ્યું છે–" **स्पष्टं प्रतिभासात्मकं प्रत्यक्षमस्पष्टं परोक्षम्** "–જે જ્ઞાન પોતાના વિષયને સારી રીતે નિર્મળરૂપે જાણે તે પ્રત્યક્ષજ્ઞાન અને જે જ્ઞાન સારી રીતે સ્પષ્ટ ન જાણે તે પરોક્ષ.

મતિ, શ્રુતજ્ઞાનના વિષય ઘણા છે, પરંતુ તે એક જ જ્ઞેયને સંપૂર્ણ જાણી શકતા નથી તેથી તે પરોક્ષ છે, અને અવધિ, મનઃપર્યયજ્ઞાનનો વિષય થોડો છે, પરંતુ તે પોતાના વિષયને સ્પષ્ટ જાણે તેથી એક દેશ પ્રત્યક્ષ છે અને કેવલજ્ઞાન સર્વ જ્ઞેયને પોતે સ્પષ્ટ રીતે જાણે તેથી સર્વ પ્રત્યક્ષ છે.

પ્રત્યક્ષના બે ભેદ છે–પરમાર્થ પ્રત્યક્ષ ને વ્યવહાર પ્રત્યક્ષ. અવધિ, મનઃપર્યય ને કેવળજ્ઞાન તે સ્પષ્ટ પ્રતિભાસરૂપ છે તેથી તે પારમાર્થિક પ્રત્યક્ષ છે અને નેત્રાદિવડે વર્ણાદિકને જાણીએ છીએ તેથી તે વ્યવહારિક પ્રત્યક્ષ છે. એક વસ્તુમાં મિશ્ર અનેક વર્ણ છે તે નેત્રવડે સારી રીતે ગ્રહ્યા જાય છે તેથી તેને વ્યવહારિક પ્રત્યક્ષ કહેવાય છે.

પરોક્ષ પ્રમાણના પાંચ ભેદ છે–સ્મૃતિ, પ્રત્યભિજ્ઞાન, તર્ક, અનુમાન અને આગમ.

૧. પૂર્વે જાણેલી વસ્તુને યાદ કરીને જાણવી તે સ્મૃતિ.

૨. દૃષ્ટાંતવડે વસ્તુનો નિશ્ચય કરીએ તે પ્રત્યભિજ્ઞાન.

૩. હેતુથી જે વિચારમાં લીધું તે જ્ઞાન તર્ક.

૪. હેતુથી સાધ્ય વસ્તુનું જે જ્ઞાન તે અનુમાન.

૫. આગમથી જે જ્ઞાન થાય તે આગમ.

એ પ્રમાણે પ્રત્યક્ષ તથા પરોક્ષ પ્રમાણના ભેદ છે. સ્વાનુભવદશામાં આત્માને જે જાણવામાં આવે છે તે શ્રુતજ્ઞાનવડે જાણવામાં આવે છે. શ્રુતજ્ઞાન મતિજ્ઞાનપૂર્વક જ છે તે મતિ–શ્રુતજ્ઞાન પરોક્ષ છે, તેથી ત્યાં આત્માનું જાણવું પ્રત્યક્ષરૂપે હોતું નથી અને અવધિ, મનઃપર્યયજ્ઞાનનો વિષય રૂપી પદાર્થો જ છે તથા કેવળજ્ઞાન છદ્મસ્થ જીવોને હોય નહિ તેથી સ્વાનુભવ વિષે અવધિ, મનઃપર્યય, કેવળજ્ઞાનવડે આત્માનું જાણવું હોય નહિ વળી અહીં જે આત્માને સારી રીતે સ્પષ્ટ જાણે છે તેમાં પારમાર્થિક પ્રત્યક્ષપણું પણ સંભવતું નથી અને જેમ નેત્રાદિવડે જાણવામાં આવે છે તેમ એક દેશ નિર્મળતાપૂર્વક પણ આત્માના અસંખ્યાત પ્રદેશાદિ જાણવામાં આવતાં નથી તેથી સાંવ્યવહારિક પ્રત્યક્ષપણું પણ સંભવતું નથી.

અત્ર તો આગમ અનુમાનાદિક પરોક્ષ જ્ઞાનવડે આત્માનો અનુભવ હોય છે. શ્રી જૈનાગમમાં જેવું આત્માનું સ્વરૂપ કહ્યું છે તેવું જાણી તેમાં પોતાના પરિણામોને મગ્ન કરે છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેથી તે 'આગમ પરોક્ષ પ્રમાણુ' કહીએ અથવા હું આત્મા જ છું તેથી મારામાં જ્ઞાન છે. જ્યાં જ્યાં જ્ઞાન છે ત્યાં ત્યાં આત્મા છે. જેમકે સિદ્ધાદિક.

વળી જ્યાં આત્મા નહિ ત્યાં જ્ઞાન પણ નહિ જેમકે મૃતકલેવરાદિક. એ પ્રમાણે અનુમાનવડે વસ્તુનો નિશ્ચય કરી તેમાં પરિણામોને મગ્ન કરે છે તેથી તેને 'અનુમાન પ્રમાણુ' કહીએ. અથવા આગમ અનુમાનાદિવડે જે વસ્તુસ્વરૂપ જાણવામાં આવે તેને યાદ રાખીને તેમાં પોતાના પરિણામોને મગ્ન કરે છે તેથી તેને 'સ્મૃતિ' કહીએ. ઇત્યાદિ પ્રકારથી સ્વાનુભવમાં પરોક્ષપ્રમાણવડે જ આત્માને પ્રત્યક્ષ જાણવાનું હોય છે. પછી સ્વરૂપ જાણ્યું તેમાં જ પરિણામ મગ્ન હોય તેનું કંઇ વિશેષ જાણપણું હોતું નથી. કદાચ એમ કહેવામાં આવે કે–સવિકલ્પ નિર્વિકલ્પ દશામાં જાણવાનું વિશેષ નથી તો અધિક આનંદ કેમ હોય? તેના ઉત્તરમાં સમજવું કે–સવિકલ્પ દશામાં જ્ઞાન અનેક જ્ઞેયને જાણવારૂપે પ્રવર્તતું હતું તે સ્વાનુભવ વખતની આ નિર્વિકલ્પ દશામાં માત્ર આત્માને જ જાણવામાં પ્રવર્તે છે એ એક વિશેષ છે, બીજું વિશેષ એ છે કે–જે પરિણામ વિવિધ વિકલ્પમાં પરિણમતાં હતાં તે માત્ર સ્વરૂપમાં જ તાદાત્મ્યરૂપ થઈ પ્રવર્ત્યા, ત્રીજું એ વિશેષ છે કે–એ બન્ને વિશેષતાઓમાંથી કોઇ વચનાતીત અપૂર્વ આનંદ થાય છે કે વિષયસેવનના આનંદમાં તે આનંદના અંશની જાત પણ નથી હોતી તેથી તે આનંદને અતીન્દ્રિય કહીએ.

સ્વાનુભવમાં પણ આત્મા પરોક્ષ જ છે તો ગ્રન્થોમાં એ અનુભવને પ્રત્યક્ષ કેમ કહ્યો છે? તો એ વિષે સમજવું કે–અનુભવમાં આત્મા તો પરોક્ષ જ છે. કાંઇ આત્માના પ્રદેશનો આકાર તો ભાસતો નથી, પરંતુ સ્વરૂપમાં પરિણામ મગ્ન થતાં સ્વાનુભવ થયો તે **'સ્વાનુભવ પ્રત્યક્ષ'** છે. એ સ્વાનુભવનો સ્વાદ કાંઇ આગમ અનુમાનાદિક પરોક્ષ પ્રમાણાદિવડે જણાતો નથી. જેમ કોઇ અંધ મનુષ્ય સાકરનો આસ્વાદ કરે છે ત્યાં સાકરના આકારાદિ પરોક્ષ છે પણ જીભવડે જે સ્વાદ લીધો છે તે સ્વાદ પ્રત્યક્ષ છે એમ સ્વાનુભૂતિના સંબંધમાં જાણવું.

યો. દ. સમુચ્ચયાનુસારે અનુભવનું લક્ષણ આ પ્રમાણે છે—

**"यथार्थवस्तुस्वरूपोपलब्धि–परभावारमण-तदास्वादनैकत्वमनुभवः ।"**

**અર્થાત્**–' યથાર્થ વસ્તુસ્વરૂપનું જ્ઞાન, પરભાવમાં રમણતાનો અભાવ, સ્વરૂપમાં રમણતા અને તેના આસ્વાદનમાં તન્મયતા તે અનુભવ. '

અથવા જે પ્રત્યક્ષ જેવું હોય તેને પણ પ્રત્યક્ષ કહીએ. જેમ લોકમાં પણ કહીએ છીએ કે–અમે સ્વપ્નમાં વા ધ્યાનમાં ફલાણા પુરુષને પ્રત્યક્ષ દીઠો. તેને પ્રત્યક્ષ દીઠો નથી પરંતુ પ્રત્યક્ષ માફક–પ્રત્યક્ષવત્ તે પુરુષને યથાર્થ દેખ્યો તેથી તેને પ્રત્યક્ષ કહી શકાય, તેમ અનુભવમાં આત્મા પ્રત્યક્ષ માફક યથાર્થ પ્રતિભાસે આ ન્યાયે આત્માનું પણ પ્રત્યક્ષ જાણવું હોય એમ કહીએ તો તેમાં દોષ નથી. કથન તો અનેક પ્રકારનું હોય છે, પણ સર્વ આગમ–અધ્યાત્મ શાસ્ત્રથી વિરોધ ન આવે તેમ વિવક્ષાભેદવડે કથન જાણવા.

તાત્પર્ય એ કે–જ્યારે કોઇ ભવ્ય જીવને સમ્યકત્વની પ્રાપ્તિ થાય છે ત્યારે મિથ્યાત્વના ઉદયનો અભાવ થવાથી એક એવી અનિર્વચનીય શક્તિ ઉત્પન્ન થાય છે કે જેના સાનિધ્યથી તે અનિર્વચનીય સ્વાત્માને અનુભવપ્રત્યક્ષ કરી લે છે. અર્થાત્ સમ્યગ્દર્શન થતાં મિથ્યાત્વના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અભાવની સાથે જ સ્વાનુભૂત્યાવરણ કર્મનો ક્ષયોપશમ થાય છે. એના જ સામર્થ્યથી તે સમ્યગ્દૃષ્ટિ જીવ પરોક્ષ પ્રમાણવડે આત્મપ્રત્યક્ષ કરી લે છે, જેથી સ્વાનુભૂતિના સમયે મતિશ્રુતને અપેક્ષાએ પ્રત્યક્ષ કહીએ તો ખોટું નથી. જો એમ ઉત્પત્તિ ક્ષણને અંશે આત્મપ્રત્યક્ષ ન માનવામાં આવે તો સંપૂર્ણ પ્રત્યક્ષ (કેવળદર્શન) થવામાં બાધ આવશે માટે સમ્યગ્દૃષ્ટિને અંશે આત્માનો પ્રત્યક્ષ અનુભવ હોય છે. (અહીં અંશ પ્રત્યક્ષ કારણ છે અને સર્વ પ્રત્યક્ષ કાર્ય છે. "અંશે હોય જ્યાં અવિનાશી, પુદ્ગલ જાલ તમાસી રે" વાચકવર પૂ૦ ઉ૦ યશો૦ વિ૦)

**સમ્યગ્દૃષ્ટિની સંવર-નિર્જરા**-જ્ઞાનચેતનાનું કામ કેવળ શુદ્ધ આત્માનું જાણવું છે, એથી કરીને તે જ્ઞાન ચેતનાની ક્ષતિથી સ૦ દૃષ્ટિને બીજા પદાર્થોમાં ઉપયોગ રહે છતે તે જ્ઞાનચેતનાના સાધ્યભૂત જે સંવર અને નિર્જરા છે તેની ક્ષતિ થતી નથી; કારણ કે સંવર તથા નિર્જરાનું કારણ મિથ્યાત્વ તથા અનંતાનુબંધીનો અભાવ છે, જ્ઞાનચેતનાનો સદ્ભાવ નથી અર્થાત્ મિથ્યાત્વ તથા અનંતાનુબંધી આદિ નિમિત્તથી બંધ થાય છે. અને તેના અભાવથી સંવર-નિર્જરા થાય છે. ઉપયોગ અનુપયોગનો એની સાથે કાંઇ સંબંધ નથી.

**સમ્યગ્દૃષ્ટિને રાગાદિના સદ્ભાવમાં સમ્યક્ત્વની અક્ષતિ**-રાગાદિ ઔદયિક ભાવ છે અને તે ચારિત્ર મોહનીય કર્મના ઉદયથી થાય છે, અને ઉપયોગ ક્ષાયોપશમિક ભાવ છે, તે પોતાની કારણ સામગ્રી જ્ઞાનાવરણના ક્ષયોપશમથી થાય છે. એ બન્નેના કારણ ભિન્ન ભિન્ન છે. એક ઔદયિક ભાવ છે અને બીજો ક્ષાયોપશમિક ભાવ છે.

સમ્યક્ત્વ ક્ષાયિક, ક્ષાયોપશમિક અને ઔપશમિક ભાવરૂપ છે, કાંઈ કર્મના ઉદયરૂપ નથી. અતઃ ચારિત્ર મોહના ઉદયથી હોવાવાળો ઔદયિક રાગભાવ છે, તે સમ્યક્ત્વ તથા જ્ઞાનમાં દોષાધાયક થઇ શકતો નથી. અર્થાત્ કેવળ ચારિત્રમાં જ દોષ પેદા કરવાવાળો છે; ઇતરમાં નહિ.

**બુદ્ધિપૂર્વક અને અબુદ્ધિપૂર્વક રાગાદિ જ્ઞાનચેતનાના અઘાતક**-મિથ્યાદૃષ્ટિને અનંતાનુબંધી આદિ ચાર ક્રોધાદિકના ઉદયજન્ય, અવિરત સમ્યગ્દૃષ્ટિને અપ્રત્યાખ્યાનાવરણાદિ ક્રોધાદિકના ઉદયજન્ય, દેશવિરતિ પ્રત્યાખ્યાનાવરણ અને સંજ્વલનના ઉદયજન્ય તથા પ્રમત્તવિરતિને સંજ્વલનના તીવ્ર ઉદયજન્ય રાગાદિક હોય છે તેને બુદ્ધિપૂર્વક રાગાદિ કહે છે અને જે રાગાદિ સંજ્વલન તથા નોકષાયના મન્દ ઉદયથી હોય છે, તેને અબુદ્ધિપૂર્વક રાગાદિ કહે છે. એ બુદ્ધિપૂર્વક અને અબુદ્ધિપૂર્વક હોવાવાળા રાગાદિકોમાં બુદ્ધિપૂર્વક રાગાદિ ચારિત્રમોહના ઉદયથી સાતમા ગુણસ્થાનકથી પહેલા હોય છે; આગળ નહિ.

સાતમાથી દશમા ગુણસ્થાનક સુધી હોવાવાળો જે રાગભાગ છે, તે અબુદ્ધિપૂર્વક કહેવાય છે. અથવા ઉક્ત ગુણસ્થાનોમાં હોવાવાળો તે રાગભાવ અત્યંત સૂક્ષ્મ હોવાથી અવ્યક્ત છે, એ અપેક્ષાએ નથી એમ પણ કહી શકાય છે.

જો રાગભાવને સમ્યક્ત્વના ઘાતક માનવામાં આવે તો, સર્વત્ર સમ્યક્ત્વના ઘાતની સામગ્રી રહેવાથી સમ્યક્ત્વની ઉત્પત્તિનો સંભવ જ નહિ રહે. એથી કરી સમ્યગ્દૃષ્ટિને મિથ્યાત્વનો બંધ ઉદય નહિ હોવાથી તેને અપ્રત્યાખ્યાનાવરણાદિજન્ય રાગ-દ્વેષ જ્ઞાનચેતનાના બાધક હોતા નથી. તાત્પર્ય એ કે-દર્શનને વિકૃત કરવાને અસમર્થ ચારિત્રમોહથી ઉદય હોવાવાળો જે રાગભાવ તે સમ્યક્ત્વ-જ્ઞાનચેતનાનો ઘાતક હોઈ શકતો નથી.

**સમ્યગ્દૃષ્ટિને પરમાર્થથી રાગભાવનો અભાવ**-સમ્યગ્દૃષ્ટિની સંપૂર્ણ ક્રિયાઓ હંમેશાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# समयं मा पमाए।

卐

## (૨) ' બ્રાહ્મી અને સુંદરી '

લેખક: મોહનલાલ દીપચંદ ચોકસી

પ્રાસાદના પગથીઆ ચડી જ્યાં બેઠકના કમરામાં ભરતચક્રી પગ મૂકે છે ત્યાં ચહેરા પર એકાએક વિષાદની કાલિમા પ્રસરી રહે છે! છ ખંડ ધરતીનો માલિક બની, સાઠ હજાર વર્ષો સરખા વિશાળ અને લાંબા કાળ પછી હજુ આજે એણે અયોધ્યાનગરીમાં પ્રવેશ કર્યો છે, મહારાજાધિરાજના પ્રવેશ-મહોત્સવમાં સારીયે નગરી હર્ષથી ઉભરાઇ રહી છે, પગલે પગલે નવનવા સ્વાગત થઇ રહ્યાં છે, માનવીઓના આનંદને સીમા નથી રહી, ચક્રવર્તી જેવા શ્રેષ્ઠપદનો ભોક્તા બનવાથી ખુદ પોતાના હૃદયમાં પણ કોઈ અનેરી ભાવનાઓ હીલોળે ચઢી છે પણ એ સર્વ ઉપર બેઠકના કમરામાં પગ મૂકતાં જ એકાએક ઠંડું પાણી ઢોળાયું! ઘડીભર ચક્રીના મુખમાંથી એક શબ્દ પણ ન નીકળ્યો. સૌ કોઇના ચહેરા પરથી જાણે રતાશ ઊડી ગઇ અને પીળાશ ડોકિયા કરી રહી.

આ દશા ઝાઝી વાર ટકી નહીં. એકાએક આવેશભર્યો સાદ સંભળાયો. ' શું મારા ઘરમાં અન્નના વાખા પડયાં હતાં કિંવા ધાનનું તળિયું દેખાયું હતું કે જેથી મારી વહાલી ભગિની સુંદરીના દેહની હું આ દશા જોઉં છું! આ તે હાડકાનો માળખો છે કે જીવતું-જાગતું હાડપિંજર? કયાં ગયો મુખ્ય રસોયો?

---

જ્ઞાનમય હોય છે. અર્થાત્ મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો ઉદય ન રહેવાથી સ૦ દૃષ્ટિઓને પરમાર્થથી રાગ-દ્વેષપૂર્વક આસક્તિનો અભાવ થઇ જાય છે. એથી કરી તે ભોગોને રુચિપૂર્વક ભોગવતો નથી, કિન્તુ ચારિત્રમોહના ઉદયથી તેને ભોગ ભોગવવા પડે છે.

**અધ્યાત્મમતપરીક્ષા**માં વાચકવર પૂ. ઉ. શ્રી **યશો**વિ૦ કહે છે કે-" શરીરને વિષે મમત્વ પરિણામરૂપ મૂર્ચ્છા કહી છે, તે તો સ૦દૃષ્ટિને પણ થાય નહિ; કેમ કે તે જ્ઞાની છે અને મમત્વ પરિણામ તો અજ્ઞાનનિમિત્ત છે. એથી જ સ૦દૃષ્ટિને વિષયાદિનું સેવન કરતો છતાં પણ પરમાર્થથી વિષયસેવન રહિત કહ્યો છે. "

[ પ્રસ્તુત લેખ અન્ય ગ્રન્થ કે જે મૂલ અને હિન્દી ભાષામાં લખાયેલ તેના ઉપરથી ગુર્જર ભાષારૂપે જ્યાં ત્યાંથી અનેક પૃથક્ પૃથક્ બાબતો એકત્ર કરી, સંકલના થાય તે કરી, મથાળા બાંધી વિદ્વજ્જનોએ ખાસ જાણવા યોગ્ય ધારી મૂકવામાં આવ્યો છે. સમ્યક્ત્વ એ શું છે? કેવી અનુપમ વસ્તુ છે? તે થતાં આત્મા કેવો બની જાય છે? સંસાર પરની, વિષયો પરની આસક્તિ કેવી રાગ દ્વેષ વગરની બની જાય છે? એ વિગેરે કથંચિત્ આ લેખ ઉપરથી સમજી શકાય તેવું છે. આવી દશા આપણામાં છે કે કેમ? એ વિચારવું રહ્યું. જ્યાં સુધી આવી દશા ન આવે ત્યાં સુધી વસ્તુતઃ સમ્યક્ત્વ-અંતરાત્મત્વ પ્રગટ થયું નથી એમ કહી શકાય.

મજકુર લેખ કર્મગ્રંથનિષ્ણાત વિદ્વાન્ જાણકાર મદીય પૂજ્ય ગુરુવર્યશ્રીને બતાવી તેઓશ્રીએ મીમાંસાપૂર્વક તપાસી આપેલા આ લેખમાં **કોઇ ભૂલયુક્ત વિસંવાદને સ્થાન હોય તેવું લાગતું નથી, છતાં કોઇ ભૂલયુક્ત સ્થાન હોય તો વિદ્વજ્જનોએ સુધારી સમજી લેવા વિનંતિ છે.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સત્વર એને બોલાવો. આવી રીતે ભૂખી મારવાનું કારણ ?

'લાલિત્યભર્યા અંગોવાળી, દેહની કાન્તિમાં સ્વર્ગની રંભા કે ઉર્વશીને પણ ઠોકર મારે એવી, અને મુખની કમનીયતાથી ભલભલાના મનનું હરણ કરી દેનારી મારી સુંદરીને ક્ષુધાનું આવું દુઃખ કયા કારણે સહન કરવું પડયું ? એમાં કારણભૂત કોણ બન્યું ?

'વિનીતામાં પગ મૂકીને આજ પ્રાતઃકાળથી મેં જે અપૂર્વ આનંદ પ્રાપ્ત કર્યો એ સર્વ આ એક જ બનાવથી–ભગિનીના કાલિમા પથરાયેલા ચહેરાના દર્શનથી–હતો ન હતો થઇ ગયો છે. મને જાણે એમ જ લાગે છે કે હું જે સુંદરીને ઘર સોંપી જુદા જુદા દેશ પર જય પ્રાપ્ત કરવા નીકળ્યો હતો તે સુંદરી જ આ ન હોય ! મારા ષટ્ખંડના વિજય પર આ ઘરમાં બનેલા બનાવે પાકો પરાજય ઠોકી દીધો છે.'

'મુરબ્બી ભ્રાતા ! આપને આ પ્રકારનો વિષાદ ધરવાનું કંઈ જ કારણ નથી. રસોયાને નથી તો બોલાવવાની જરૂર કે નથી તો એને ઠપકાપાત્ર બનાવવાની અગત્ય ! રાજેશ્વરના ભંડારમાં અનાજની લીલા લહેર હતી અને છે. આપના ગમન પછી કોઇ પણ જાતની તકલીફ પ્રાસાદના કોઇપણ અનુચર તરફથી મને ભોગવવી પડી નથી.

'મીઠા પાણીનું સરોવર ચક્ષુ સામે ભર્યું હોવા છતાં કોઇ વ્યક્તિને તૃષાતુર રહેવું જ હોય તો એમાં સરોવરને દોષ કેમ દેવાય ? આમ્રવૃક્ષના સ્વાદુ ફળ હાજર હોવા છતાં જેને એ કેરીઓ ખાવી જ ન હોય ત્યાં આંબાનો શો દોષ ? મારા સબંધમાં પણ એમ જ સમજી લેવાનું છે.

'ખુદ મારો પોતાનો જ એ નિશ્ચય હતો કે આપ દિગ્વિજય કરી પાછા ફરો ત્યારે મને એવા સ્વરૂપમાં નિહાળો કે જેથી આપની મનસંચિત કામના આપોઆપ ઓગળી જાય. 'થોભી જવા' પાછળની લાલસા નષ્ટ થાય.

'મારા જે સ્વરૂપે આપનું મન આકર્ષ્યું અને મારા વદન પ્રતિ મીંટ માંડતા આપના અંતરમાં મને ભાવિ જીવનમાં જે અનોખું સ્થાન આપવાની ભાવના ઉદ્ભવી, એ હું પરખી ગઇ હોવાથી, મેં એવો માર્ગ ગ્રહણ કર્યો કે સાપ મરે નહીં અને લાકડી ભાંગે નહીં. અર્થાત્ મારું ધ્યેય કાયમ રહે અને આકર્ષણની વસ્તુ નષ્ટ થાય. મારો સંયમ અભિલાષ સધાય અને આપની આજ્ઞા શિરોધાર્ય પણ થાય.

'હું ધારત તો બ્રાહ્મીબહેનની સાથે જ પ્રવ્રજ્યાનો પલ્લો પકડી શકત. એ વેળા આપ અટકાવી ન જ શકત. પણ ધર્મનું મૂળ વિનય હોવાથી અને પ્રભુશ્રી યુગાદિના વંશમાં ઉત્પન્ન થયેલ મારા સરખી બાળાએ વિનયધર્મના પાલનમાં જરા પણ ક્ષતિ પહોંચાડી જગત સન્મુખ ખોટો દાખલો બેસાડવાનું હરગીજ પસંદ કરતી ન હોવાથી મેં 'રૂક જાવ' રૂપી આપની આજ્ઞા માથે ચઢાવી. સાથોસાથ નિશ્ચયમાં દ્રઢતા આણી. જગતની નજરે ભલે હું પ્રવજ્યાના સ્વીકારમાં પાછળ પડેલી ગણાઉં પણ આત્મિક દ્રષ્ટિએ મારી સાધના પ્રગતિના આંકે આગળ વધતી રહી છું. મેં સ્વીકારેલો રાહ વ્યવહાર નિશ્ચયની તુલાએ પૂરેપૂરો ઉતર્યો છે.

'ષટ્રસ ભોજન અહર્નિશ નેત્રો સામે પીરસાતાં હોવા છતાં મેં સ્વેચ્છાથી એને લાત મારી લૂખું ભોજન સ્વીકાર્યું. 'આયંબિલ' નામના પવિત્ર અને ચમત્કારિક તપનું એ રીતે સેવન કરી કાયાને ચારિત્રપંથના પરિષહ ને ઉપસર્ગ સહન કરવાની તાલીમ આપી. લોકોત્તર ઇચ્છાની ચિરાગ સદૈવ જળતી રાખી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિજયી કોણ?

અનુવાદક: "અભ્યાસી"

સંસારમાં એ જ વ્યક્તિ વિજય પ્રાપ્ત કરે છે કે જે 'નિષ્ફળતા' શબ્દને પોતાના અંતઃકરણમાંથી બહિષ્કૃત કરી દે છે, તેનું ધ્યાન, ચિંતન અથવા કલ્પના સુદ્ધાં તે નથી કરતો. તેની તરફથી મોં ફેરવીને સદાસર્વદા સ્વકાર્યસિદ્ધિ, સફલતા, વિજયની પરમ પરિપુષ્ટ સાધના તરફ જ પોતાની સમસ્ત શક્તિ ઉન્મુખ રાખે છે. જે વ્યક્તિઓમાં નિશ્ચયબળ જાગ્રત થઈ જાય છે તેનામાં લક્ષ્યસિદ્ધિ તથા વિઘ્ન–બાધાઓને પરાસ્ત કરવાની દૃઢતા પણ આવી જાય છે. તે એક વખત જે કાર્ય કરવાનો નિશ્ચય કરી લે છે તેમાં છેવટ સુધી દૃઢતા તેમજ ધૈર્યપૂર્વક ડટાઇ રહે છે. એ રીતે દૃઢ અને નિશ્ચયવાળી વ્યક્તિ સંસારમાં કંઈક કાર્ય કરી શકે છે.

તમે તમારા વિષયમાં કેવા વિચાર રાખો છો? અશકય, સંશય, અસંભવ જેવા ઘૃણિત શબ્દોને આજે જ તમારા શબ્દકોષમાંથી કાઢી નાખો. જો સંસારમાં કંઇક મહત્વપૂર્ણ કાર્ય સંપન્ન કરવા ચાહતા હો તો કમહિમ્મતને તમારા મનઃપ્રદેશમાંથી કાઢી નાખો અને સાગ્રહ નિશ્ચય ધારણ કરો. ધૈર્ય, શૌર્ય, નિશ્ચય તેમ જ નિર્ભયતાની દિવ્ય પૂંજી દ્વારા તમે વિજયી થઇ શકો છો.

તમારી ઇચ્છા એવી હોય કે હું વિદ્વાન્ બનું, મજબૂત બનું, વ્યાપારમાં ધનસંગ્રહ કરું, આધ્યાત્મિક જગતમાં દિવ્ય બળનો સંગ્રહ કરું; પરંતુ એ સર્વ ઇચ્છાઓની પૂર્તિ નથી થતી. તેનું શું કારણ છે? કારણ એ છે કે તમારો નિશ્ચય નબળો છે, તમે તમારા વિચાર એટલા મજબૂત નથી બનાવતા કે કાર્યસિદ્ધિ થઇ જાય. એકાદ બે સાધારણ મુશ્કેલીઓ આવી, કાર્ય મુશ્કેલ છે એમ પ્રતીત થયું કે તરત જ તમે તે છોડી દેવાનો વિચાર કરવા લાગો છો. તમારું મન કહે છે કે "આવું મુશ્કેલ કામ તે કોણ કરે? એમાં તો મહાન સંકટ છે, હું તો ફોકટ એમાં પડ્યો, ચાલતાં ચાલતાં નકામી બલા ગળે વળગી. એને છોડી દઉં. કોણ એવી પંચાતમાં પડે?" એવા પ્રકારના નબળા વિચારો સેવીને તમે તમારાં કાર્યમાં શિથિલતા

---

લૌકિક ઇચ્છાનો નિરોધ કેવી રીતે કરાય છે એનો અનુભવ મેળવ્યો. મારી એ કરણીદ્વારા જ મારા દેહની ઉપરની શોભા આપોઆપ પલાયન કરવા માંડી. અન્યને પ્રલોભન કરનાર રૂપ ભૂંસાવા લાગ્યું. હાડ ચામની માંગી આણેલા ઘરેણાં સમી સુંદરતા પતંગના રંગસમી પોકળ હતી એ પુરવાર થયું. આત્મશક્તિ જેવી અનોખી ચીજના દર્શન ત્યારે જ સાચા સ્વરૂપમાં થયા.

'વડિલ ભ્રાતા! આ દિદાર નિરખી આપની કામનાનો જડમૂળથી કૂચો વળી જવો જોઇએ. કદાચ એમાં કંઈ ઊણપ જેવું હોય તો આજે અને અત્યારે સમજી લ્યો કે–આપની આ બહેનડી સંસારમાં હવે ક્ષણભર થોભવા રાજી નથી. ભાગવતી દીક્ષા એ એનું ધ્યેય હતું અને છે. કેવળ આપના આગમનની માર્ગપ્રતીક્ષા અનિવાર્ય હતી જેનો આજે મિલન થવાથી અંત આવ્યો છે. હવે કેવળ હસતા મુખડાની વિદાય ઈચ્છે છે.'

'વ્હાલી બહેન! સુખે સિધાવો.' (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાવો છો. તમારો નિશ્ચય ઢીલો બની જાય છે, વિચાર-શક્તિ પંગુ થઇ જાય છે. તમારું સામર્થ્ય પણ નષ્ટ-ભ્રષ્ટ થઇ જાય છે.

'આવું કઠિન કામ તે કોણ કરે ?' એવો વિચાર તમારા મગજમાં ઉત્પન્ન થાય છે ત્યારે તે તમારા શરીરમાં દુર્બળતા ઉત્પન્ન કરે છે, શરીરની રહીસહી શક્તિ પણ ચૂસી લે છે. મનુષ્યને પરવશ બનાવી મૂકે છે. દુર્બલતાના એવા વિચારો સંસારના મનુષ્યોને આગળ વધવા નથી દેતા.

જરા તમારા જીવનની તરફ જુઓ. તમે આજે કેવી અવસ્થામાં પડ્યા છો ? તમારી એ અવસ્થા કોણે બનાવી છે ? તમારામાં તથા એક ઉન્નત વ્યક્તિમાં શો તફાવત છે ? શા માટે એ તફાવત છે ? તમને આગળ વધવામાં કોણ રોકી રહ્યું છે ? આ સર્વ પ્રશ્નોના ઉત્તર જો તમે સચ્ચાઇથી આપશો તો તમને એટલું જ પ્રતીત થશે કે શક્તિઓ તો તમારામાં પણ પડી છે, પરંતુ તેને વિકસિત થવાનો અવસર નથી પ્રાપ્ત થયો. કેવી રીતે થાય ? તમે એ તત્ત્વ પર કદિ ઊંડો વિચાર પણ નથી કર્યો.

પ્રકૃતિનો એવો કઠોર નિયમ છે કે જે વ્યક્તિ હમેશાં પોતાની શક્તિઓને વધારે ને વધારે વિકસિત કરવામાં લાગ્યો રહે છે, નકામો સમય ગાળવાને બદલે હમેશાં પોતાની યોગ્યતા, બુદ્ધિ, ચાતુર્ય (tact)ની અભિવૃદ્ધિમાં સંલગ્ન રહે છે, દરરોજ કંઇક નવીન તત્ત્વ, કંઇક લાભદાયક નિયમ, કોઇ પ્રગતિશીલ પ્રસંગની શોધમાં આગળ વધતો હોય છે તેને ઇચ્છિત ફલની પ્રાપ્તિ જરૂર થાય છે જ. સંસારમાં યોગ્ય પુરુષની હમેશાં માગ હોય છે. સુપાત્ર માણસ ગમે તેટલે વખતે પણ ઊંચો આવ્યા વિના નથી રહેતો. આ તમે સાચી યોગ્યતા પ્રાપ્ત કરી લીધી હશે તો આવતી કાલે અવશ્ય ઊંચા આવશો જ. તેથી વિજય પ્રાપ્ત કરવા માટે તમે જે સ્થાન પર અત્યારે હો ત્યાં જ તમારી યોગ્યતા વધારવાનો પ્રયત્ન કરો. પહેલાં તમારાં કાર્યને સંપૂર્ણપણે સમજી લ્યો. ચિત્ત ચોડીને પરિશ્રમ કરીને તે વિષયમાં જે કાંઈ જ્ઞાન પ્રાપ્ત થઈ શકે તે કરી નાખો. તદુપરાંત તમારા કાર્ય કરતાં જે ઊંચું કાર્ય હોય તે શીખવાની શરૂઆત કરો. ધીમે ધીમે એમાં પૂર્ણતા પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરો, તેમાં જ મંડ્યા રહો, મંડ્યા રહેવાથી એક દિવસ તમે તમારા ઇચ્છિત સ્થાને પહોંચી જશો. જો તમારી ઉચ્ચાભિલાષા પ્રજ્વલિત રહેશે તો તમે જરૂર સામાન્ય સ્થિતિમાંથી ઊંચી સ્થિતિએ આવી જશો.

એક પશ્ચાત્ય મનોવૈજ્ઞાનિકે લખ્યું છે કે- "Never be self-satisfied. Aim higher and higher. Master your own job as soon as possible and then master that of the man higher up. The post of responsibility at the top is only closed to the man who never wills to reach it." અર્થાત્ કદિપણ પોતાને સુધારવાથી સંતુષ્ટ ન બનો. હંમેશા વધારે ને વધારે ઉચ્ચાભિલાષી બનો. સૌથી પહેલાં જેમ બને તેમ જલ્દી તમારાં કાર્યમાં દક્ષતા પ્રાપ્ત કરો. પછી તમારાથી આગળ વધેલાના કાર્યમાં અનુભવ પ્રાપ્ત કરો. જવાબદારીનું સ્થાન તે માણસ માટે જ નિશ્ચિત હોય છે કે જે હંમેશાં તેને માટે પ્રયત્નશીલ રહે છે.

દુનિયા પરિશ્રમ કરનારની છે. મોટે ભાગે માણસો પરિશ્રમ કર્યા વગર વિજય-સફળતા વગેરેના સ્વપ્ન જોયાં કરે છે. પ્રયત્ન કર્યા વગર તે સ્વપ્ન સ્વપ્ન જ રહે છે. તમે તમારા નિશ્ચયબળને વધારતા રહો. "ભરતામાં હંમેશા ભરતી હોય છે." એ નિયમ અનુસાર તમે કોઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિશિષ્ટ પ્રકારનું બળ ભેગું કરી લેશો તો તેની ઉત્તરોત્તર વૃદ્ધિ જ થતી જશે. વિજય પ્રાપ્ત કરવા માટે શરૂઆતમાં થોડાક બળનો સંચય યથેષ્ટ છે. જો તમે એ પ્રારંભિક બળ કોઇ પણ રીતે પ્રાપ્ત કરી લેશો તો તેની સાથે બીજું વિશેષ બળ સ્વયં ખેંચાઇને ચાલ્યું આવશે. મનુષ્યનાં જીવનમાં એક એવો પ્રસંગ જરૂર આવે છે કે જો તેની પાસે સંચિત બળ હોય છે તો તે અનાયાસે જ ઊંચો આવી જાય છે. સંસારમાં જે જે વ્યકિતઓએ ઋદ્ધિ પ્રાપ્ત કરી છે, તેઓમાં આવશ્યકતાથી વધારે બળસંચય હોય છે. તેઓએ પોતાના ફુરસદના સમયમાં પોતાની અનેક ગુપ્ત–સુપ્ત શકિતઓને જાગ્રત કરી હોય છે. પછી તેઓ ધીમે ધીમે તેને વિકસાવતા રહ્યા હોય છે. અનેક સાધારણ કોટિના મનુષ્યો આવશ્યકતા કરતાં વધારે બળનો સંચય કરવાના કારણે જ ઉન્નતિના સર્વોચ્ચ શિખર પર પહોંચ્યા છે.

બીજી કોટિના લોકો એવા હોય છે કે જેઓ વિપત્તિનો સામનો કરવાની શકિતને કારણે કેવળ પોતાના અદમ્ય ઉત્સાહના બળ ઉપર વિજય પ્રાપ્ત કરી શકે છે. તેઓ વિપત્તિથી દબાય નહિ, પરંતુ નિરંતર સંઘર્ષ કરતા રહે છે. તેઓએ પ્રતિકૂળતાઓને પોતાના દઢ નિશ્ચયબળથી પરાસ્ત કરી દીધી હોય છે અને સ્થિર નિષ્ઠાથી પ્રગતિશીલ રહે છે. જે મનુષ્યમાં એટલું જ બળ હોય છે કે જેમ તેમ કરીને વ્યવહાર ચલાવી શકે છે તેઓનો હમેશાં પરાજય થાય છે; તેમનાથી વધારે કષ્ટસાધ્ય જવાબદારીનું અથવા ઊંચી યોગ્યતાનું કાર્ય થવું અસંભવિત તો નહિ, પરંતુ દુઃસાધ્ય તો જરૂર છે; કેમકે તેઓમાં એટલું સામર્થ્ય નથી હોતું. પ્રત્યેક મનુષ્યના જીવનમાં અવસર તો જરૂર આવે છે; એવા પ્રસંગોએ યોગ્યતાવાળો માણસ ઊંચો આવી જાય છે. તોફાન વખતે પણ તે મજબૂત રીતે ઊભો રહે છે. એથી ઊલટું સામાન્ય યોગ્યતાવાળો માણસ જ્યાં ને ત્યાં પડ્યો રહે છે.

આપણી અંદર જેટલી શકિત પ્રસ્તુત છે તેનાથી હમેશાં ઓછો જ વ્યય કરવો જોઇએ. જેટલો સંગ્રહ કર્યો હોય તેટલું ખર્ચી નાખીએ તો વિપત્તિ તેમ જ પ્રતિકૂલતાનો સામનો કરવા માટે શક્તિ કયાંથી આવશે ? એટલા માટે આપણી શકિતનો વ્યય એવી રીતે કરવો જોઇએ કે હમેશાં થોડીઘણી શક્તિ આપણા પાસે સંગૃહીત રહે.

વિજયપ્રાપ્તિનો સૌથી સહેલો ઉપાય તો એ છે કે તમે જે ક્ષેત્રમાં પદાર્પણ કરો તેમાં પરિપૂર્ણ બનવાનો દઢ નિશ્ચય કરી લ્યો. સામાન્ય સ્થિતિમાં સંતોષ ન માનતાં પ્રશંસનીય સ્થિતિ પર આવવાનો ઉદ્યોગ કરતા રહો. તમારા ઉપરીઓનો તમારા ઉપરનો વિશ્વાસ મજબૂત બનવા દો. ત્યારે જ તમે જવાબદારીવાળી જગ્યા પ્રાપ્ત કરી શકશો. જેટલી જવાબદારી હોય છે તેટલી વધારે આવક, પ્રશંસા કે કદર હોય છે. જેટલી મુશ્કેલીઓ હોય છે તેટલો જ લાભ હોય છે. તો પછી મુશ્કેલીઓથી શા માટે ભયભીત બનો છો ? તેનો પ્રસન્નતાપૂર્વક સ્વીકાર કરો. પછી જોશો કે દુનિયા તમારી જ છે.

માણસ પોતાના અંતરાત્મામાં પોતાના ઉદ્દેશ્યની સિદ્ધિ માટે પોતાના સંકલ્પોને જેટલા મજબૂત બનાવે છે, તેટલી જ તેનામાં વિજય પ્રાપ્ત કરાવનારી શક્તિની જાગૃતિ થાય છે. પહેલાં લક્ષ્ય ઊંચું રાખો, પછી પરિશ્રમદ્વારા સાધન પ્રાપ્ત કરો, ધીમે ધીમે તમારા સંકલ્પોને પુષ્ટ કરતા રહો, વર્તમાન સ્થિતિથી કદાપિ સંતોષ ન રાખો. બસ, તમે વિજય પ્રાપ્ત કરશો જ.

એક વખત એક શિષ્યે પોતાના ગુરુની પાસે જઇને વિજય–પ્રાપ્તિનો ઉપાય પૂછ્યો. ગુરુજી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ ઉત્તર આપ્યો કે ' શક્તિ, સંકલ્પ અને સાધનાનું ફળ વિજય છે; તે જ કરો. '

શિષ્યે કહ્યું, " ગુરુજી, શું કરૂં ? કોઇ મને મદદ નથી કરતું. હું કેવી રીતે શક્તિ-સંચય કરી શકું ?

ગુરૂએ કહ્યું, " જ્યાં સુધી તમે તમારા પોતાના પગ પર ઊભા રહેતા નહિ શીખો ત્યાં સુધી સફળતાની વાત ભૂલી જાઓ; કેમકે વિજય પોતના બળથી જ મળે છે. "

જ્યાં સુધી આત્મશ્રદ્ધા તેમ જ આત્મ નિર્ભરતા જાગ્રત નથી થતી ત્યાં સુધી મનુષ્ય સફળતાની શક્તિઓને યોગ્ય સ્થાન પર કદાપિ કેન્દ્રિત નથી કરી શકતો. જ્યાં સુધી તે પોતાનો સ્વામી પોતે જ નથી બની જતો ત્યાં સુધી તેના કલ્યાણનો કદિ સંભવ નથી. સ્વતંત્રતાથી કાર્ય કરવાથી જ તેની આત્મશક્તિઓ ( અપૂર્વતા, સંકલ્પ, સામર્થ્ય, કુશળતા ) સંપૂર્ણતયા વિકાસ પામીને વિજયશ્રી સાથે ભેટ કરાવી શકે છે. મનની વ્યગ્રતા અથવા ઉદ્વિગ્નતાની સ્થિતિ આત્મ શ્રદ્ધાની સ્થિતિ નથી. પર્વતની માફક દૃઢ નિશ્ચય-બળવાળાની પૂર્ણ પુરિપુષ્ટ નિશ્ચયાત્મક સ્થિતિ જ આત્મ શ્રદ્ધાની યથાર્થ સમુચિત માનસિક સ્થિતિ છે. એવા પ્રકારની નિશ્ચયાત્મિકા દૃઢતાવાળા માણસો સંસારની ક્ષુદ્ર બાબતોમાં વ્યગ્ર બનીને પોતાની માનસિક શાન્તિમાં ફોકટ ભંગ નથી કરતા, ઊલટું હમેશાં વધારે ને વધારે મજબૂતીથી આગળ પગલાં માંડે છે.

તમારાં પોતાનાં અંતઃકરણની ક્રિયાનો સૂક્ષ્મ અભ્યાસ કરો. શું તમે જિંદગીભર અન્ય વ્યકિતઓનો આશ્રય શોધ્યા કરશો ? શું તમે હમેશાં બીજાની ઇચ્છાનુકૂળ પ્રવૃત્તિમાં જ તમારી મૌલિકતાની ઇતિશ્રી કરી દેશો ? શું તમે અન્ય મનુષ્યોએ નિર્મિત કરેલા માર્ગે જ ઘસડાયા કરશો ? શું તમે તમારા ભાગ્યની દોરી કોઇ અન્ય વ્યક્તિના હાથમાં સોંપી દીધી છે ? જો તમે એવું કર્યું હોય તો ખરેખર તમે ભયંકર ભૂલ કરી છે.

પરતંત્રતાની દશામાં મનુષ્યની આધ્યાત્મિક શક્તિઓનો વિકાસ નથી થતો. જ્યારે માણસ સ્વતંત્રતાના ઉત્કૃષ્ટ માર્ગનો મુસાફર બની જાય છે ત્યારે તેના ઉત્થાનનો પ્રારંભ થાય છે. સ્વતંત્રતાની અવસ્થામાં તેનામાં એવી દિવ્ય પ્રેરણાઓનો ઉદય થાય છે કે જે જીવનને નવું રૂપ આપે છે. પહેલા તે અંધકારમાં પડ્યો હતો, હવે જગત્ તેની તરફ આશાભરી દૃષ્ટિથી જુએ છે. પ્રત્યેક મનુષ્યની ઉન્નતિનો એક જુદો માર્ગ હોય છે. સ્વતંત્રતાની અવસ્થામાં તે બીજાનું અનુકરણ માત્ર નથી કરતો; ઊલટું તે પોતાનો નિર્દિષ્ટ માર્ગ પોતે જ શોધી કાઢે છે. **इत्यलम् ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમયના પ્રવાહમાં યાને વખતના વ્હેણમાં

લેખક : રા. રા. વકીલ ન્યાલચંદ લક્ષ્મીચંદ બી. એ. એલ. એલ. બી. ભાવનગર

જૈન શાસ્ત્રકારોએ કાળની ગણના એટલી બધી સુક્ષ્મરીતે–ઝીણવટથી સર્વગ્રાહી નજરે કરી છે ને તેના જરૂરી અભ્યાસ માટે ખાસ ગુરૂગમની આવશ્યકતા છે એટલું જ નહીં પણ તેના માટે ઘણો કાળક્ષેપ કરવો પડે તેમ છે. તેમ જ આવા મહત્ત્વના વિષયને પુરેપુરો ઇન્સાફ આપવા માટે પણ કોઇ સારા અભ્યાસી સીદ્ધહસ્ત લેખકનો પ્રયાસ જ કારગત થઇ શકે તમ છે. સબબ કાળગણાનાની તલ–સ્પર્શી ઊંડી ચર્ચામાં ઉતરવાનું અન્ય કોઇ લેખકને માટે રાખી આમ ફક્ત તેના ચાલુ પ્રવાહમાં આગળ વધતા વિચારકને સામાજિક સ્થિતિ સંબંધમા કેવા કેવા વિચારબળો સાથે સઘર્ષણ થાય છે તેનો કંઇક આછો ખ્યાલ આપવાને યોગ્ય વિચારણાપૂર્વક પ્રયાસ કરવામાં આવે છે.

કાળબળના અભ્યાસીઓએ કાર્યનિષ્પત્તિના કારણોમાં કાળની પણ ગણના કરેલી છે અને તેથી જ આપણે જોઇ શકીએ છીએ કે યથા કાળે જ–અમુક વખતે જ વસ્તુ પરિપકવ દશાને પામે છે અને તેમાં કવચિત્ ઉપલક નજરે કંઇક અપવાદ જણાતો હોય છતાં તેથી જ સામાન્ય નિયમ ( general rule ) સ્થાપીત થાય છે તેની સીદ્ધી થામ છે. વ્યવહારદક્ષ, કુશળ અનુભવી પુરૂષો પ્રત્યેક કાર્યમાં કાળની ગણતરી કરીને જ આગળ ડગલું ભરે છે. દેશ કાળનો બરાબર ખ્યાલ રાખ્યા સિવાય, નાના અગર મોટા કાર્યનો આરંભ કરનાર મનુષ્યને તેના કાર્યમાં જોઇએ તેવી અને તેટલી સીદ્ધી પ્રાપ્ત થતી નથી. કાળબળની સામે પુર જઇને કાર્યનો આરંભ કરનાર મનુષ્યને પાછળથી પસ્તાવાનો પ્રસંગ આવી પડે છે. ભુતકાળમાં બની ગયેલા બનાવો સુવ્યવસ્થિત અભ્યાસથી જ સુજ્ઞ મનુષ્યો વર્તમાન કાર્યપ્રણાલીકાની યથાયોગ્ય રચના કરી શકે છે એટલું જ નહિ પરંતુ વધારે અગમ-ચેતીપૂર્વક કામ કરનાર દીર્ઘદર્શી પુરૂષો ભવિષ્યમાં કરવાના કાર્યોની પણ ખરાબ લાઇનદોરી નક્કી કરી રાખે છે. પોતાના પ્રત્યેક કાર્યમાં કાળબળની યથાર્થ ગણતરી કરી લેવાની શક્તિ ધરાવતા મનુષ્યો ઘણી અહેસાનીથી જીવનવ્યવહારના કાર્યમાં આગળ અને આગળ ધપ્યે જાય છે. સ્થિતિચુસ્ત વિચાર પ્રણાલી-કાને વશ થઇ ચાલુ ધરેડમાં જ પોતાના કાર્યનું સીમા-બંધન થતું માની લેનાર મનુષ્ય પોતાનું ભવિષ્ય ઉજ્વળ બનાવવા માટે કદી પણ શક્તિમાન થતો નથી.

ચોમાસાની ઋતુમાં નદીમાં આવેલ પ્રબળ પુરના પ્રવાહમાં સામે પુર જવાનું નિષ્ણાત તરનાર માટે જેટલું સહેલું છે તેટલું સમયના પ્રવાહની સામે જવાનું સહેલું નથી. કાળમાનની ગણના અને તેના બળનો પ્રભાવ એટલો બધો જબરજસ્ત ગણવામાં આવે છે કે સૌ કોઇને તેની પાસે લાચારી અનુ-ભવવી પડે છે એટલું જ નહીં પણ જ્યારે કાળને કૃતાંતના અર્થમાં કલ્પવામાં આવે છે અને મૃત્યુના ભયની કલ્પના નજર સન્મુખ ખડી થાય છે ત્યારે સૌ કોઇ મરણના ભયથી ત્રાસી જાય છે અને ' જન જાણીએ મત માનીએ, નવ કાળ મૂકે કોઇને ' એવી એવી કવિતાઓ રંક કે રાયને, કાયર કે ભડવીર બન્નેને મરણનો ભય એક સરખી રીતે સતાવી રહ્યાનો ખ્યાલ આપે છે. જે ધર્મવીર પુરુષને મરણનો ભય નથી અગર તો જેણે મરણના ભય ઉપર પણ જય મેળવેલ છે તે મહાત્માપુરુષ જ મહામૂલા જીવનને સાર્થક અને સફળ બનાવી શકે છે.

ઉપર જણાવ્યા મુજબ કાળબળનું ઘણું મહત્ત્વ છતાં પણ હરકોઇ ઉપાયે પોતાનું રાજ્યશાસન ટકાવી રાખવામાં કુશળ, સત્તાલોભી રાજા મહારાજાઓને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એટલા બધા શક્તિશાળી અને સામર્થ્યવાન્ કલ્પવામાં આવે છે કે તેમના પ્રભાવે અને પ્રતાપે જ **राजा कालस्य कारणं** એવી કહેવત રૂઢ થઈ પડી છે. આવા કુલ સત્તાધારી રાજ્યપુરુષો પોતાના તાબાની પ્રજા ઉપર સામ-દામ-ભેદ-દંડાદિ રાજ્યનીતિના સૂત્રોને અનુસરી એટલી બધી સત્તા જાળવી રહેલા હોય છે કે ગુલામી દશામાં સબડતી પ્રજા ઉંચુ માથું કરી શકતી નથી એને સામ્રાજ્યવાદની ભયંકર શોષણ-નીતિ તળે વધારે ને વધારે કચડાતી જાય છે. આવી રાજ્યસત્તા પોતાને ફાવે તેવા-મનગમતા કાયદા કાનુનો ઘડયે જાય છે અને તેને અમલમાં મૂકવા માટે સત્તાનો પુરેપુરો ઉપયોગ કરવામાં જરા પણ કચાશ રાખતા નથી. આવી અસહ્ય અને ત્રાસજનક સ્થિતિ પ્રવર્તતાં સર્વત્ર લોક શાસનવાદને આગળ કરતી રાષ્ટ્રીય સરકાર માટેની પ્રજાને જવાબદાર તંત્રની સ્થાપના માટેની માગણી થઇ રહેલ છે.

આવા કાળમાનનું યથાર્થ સ્વરૂપ સમજનાર-પ્રજાહીતચિંતક દીર્ઘદર્શી આગેવાનોને રાજકારણમાં જેટલું ઉપયોગી સ્થાન છે તેટલું જ બલ્કે તેથી વિશેષ ઉપયોગી સ્થાન ધાર્મિક તેમ જ વ્યવહારીક નજરે સામાજિક ઉન્નતિ માટે પ્રયાસ કરનારાઓ માટે છે-તેમની નજર સન્મુખ ઘણું વિશાળ કાર્યક્ષેત્ર ત્યાગી ભાવનાશીલ સેવાભાવી કાર્યદક્ષ અને અનુભવી પુરુષોના પુરુષાર્થિ પ્રયાસ માટે તૈયાર જણાય છે. સમયના પ્રવાહબળની તેમાં એકત્ર થતાં જુદા જુદા સંઘર્ષણજન્ય અનેક જાતના બળાબળની યથાર્થ કલ્પના તેઓએ કરી લેવાની જરૂર છે.

સમયના વ્હેતા પ્રવાહમાં-પોતાનું ભાન ભૂલી, કેવળ અંગત સ્વાર્થની નજરથી કામ કરનારા-વ્યક્તિત્વને જ આગળ વધારવાની ભાવના ધરાવતા સંકુચિત દષ્ટિના આગેવાનો તો તણાઇ જવાના કે ડુબી જવાના એટલે ન તો સમાજનું હિત આગળ વધારી શકવાના કે ન તો પોતાનો ક્ષુલ્લક સ્વાર્થ પણ સાધી શકવાના. પરંતુ ભૂતકાલીન ઇતિહાસના પાને સુવર્ણાક્ષરથી નોંધાયેલ અનેક મહાનુભાવ પુરુષોના ઉજ્વલ જીવન ચરિત્રો ઉપરથી તરી આવતા બોધપાઠોને હ્રદયમાં કોતરી રાખી સદ્દગત મહાપુરુષોના અનુભવસીદ્ધ સીદ્ધાંતોનો અભ્યાસ કરી વર્તમાન પરિસ્થિતિની પણ વિશાળ દૃષ્ટિથી યથાર્થ સમીક્ષા કરી તેમજ ભવિષ્યની અનેક રીતે પુર ઝડપથી પલટાતા સંયોગોનો ખ્યાલ રાખી કામ કરતા આગેવાનો સમયના પ્રવાહમાં આગળ અને આગળ વધ્યે જાય છે તેઓ પરમ હીત બુદ્ધિથી-સામાજીક ઉન્નતિના કાર્યને આગળ ધપાવી શકે છે. મન-વચન અને કાયાની અખુટ શકિત ધરાવતા મહાપુરૂષો ઉત્કટ પ્રસંગો ઉપસ્થિત થતાં સમયના પ્રવાહની સામે પુરબની પણ હીમત કરી શકે છે અને પ્રવાહ બળનોતેમજ પોતાની કાર્ય શકિતનો તેઓને બરાબર ખ્યાલ હોવાથી તેઓ કદી પણ પાછા હઠતા નથી પરંતુ સાધ્યને માર્ગે આગળ અને આગળ જ વધ્યે જાય છે અને કાળ બળ પણ તેમને સર્વ રીતે અનુકુળ થઇ જાય છે. આવી પરિસ્થિતિ તે નજર સન્મુખ રાખીને જ અબધુત યોગી-મહાત્મા આનંદઘનજી સંપુર્ણ આત્મશ્રદ્ધા પૂર્વક ગાઇ ગયા છે કે " કાળ લબ્ધિ લહી પંથ નીહાળશું રે-એ આશા અવિલંબે આ રીતે કામની અનુકુળતા કાર્યસીદ્ધિમાં પરમ સહાયક થઇ પડે છે, સાધક પુરૂષો સમયની બલીહારીને જ આગળ કરે છે. ભવિષ્યતા ગર્ભમાં કેવા કેવા સરલ જે ભર્યા પડયા છે તેની સાચી કલ્પના ભાગ્યે જ થઈ શકે છે. એટલે સાધક સજ્જનો જરા પણ નિરર્થક કાળક્ષેપ ન કરતાં-કીમતી વખતનો દૂરૂપયોગ ન કરતાં પ્રમાદ ન કરતા, તેને નકામો ન જવા દેતાં અપ્રમત્તપણે તેનો અવસરમાં સારો ઉપયોગ કરી લેવાનો રહે છે. પરમતીર્થંકર શ્રી મહાવીર પરમાત્માએ ગણધર મહારાજ શ્રી ગૌતમમુનિને એક ક્ષણપણ પ્રમાદ ન કરવા માટે અનેક વખત ફરમાવેલ છે. મનુષ્ય જીવનમાં અર્થપ્રાપ્તિ માટે તેમજ સાધ્યની સીદ્ધિ માટે પણ સામાન્ય રીતે વખતોવખત ધારી તક પ્રાપ્ત થતી નથી પરંતુ પરમપુણ્ય બળના સંયોગે કવચીત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સારી તક મળી જાય છે તો તેને પ્રમાદવશાત્ નિરર્થક ન ગુમાવી દેતાં તેને બરાબર ઝડપી લેવી જોઇએ.

સમયનો પ્રવાહ અનાદી કાળથી ચાલ્યો આવે છે અને હજુ પણ અનંતા કાળ સુધી ચાલુ રહેવાનો જ છે અટલે આવા પ્રવાહમાં અનેક પ્રકારના બળો ( forces ) પોતાનો પ્રભાવ અજમાવી રહેલા હોય છે. સબળ સમયજ્ઞ-સમર્થ પુરૂષો પોતાની કાર્ય શકિતની બરાબર તુલના કરી, ભૂતકાળના અનુભવોનો સદ્ઉપયોગ કરી પ્રવાહની સાથે અગરતો અનુકુળ સંયોગો જણાતાં પ્રવાહની સાથે પુરમણ ઝુકાવે છે. આધુનિક વૈજ્ઞાનિક યુગમાં પ્રથમ તે સંયોગોમાં પલટો આવવા માટે દસકાઓ જોતાં, તે અલ્પકાળમાં બદલાઇ જાય છે અને ભલભલા વિચક્ષણ પુરૂષોની ગણતરી ખોટી પડતાં વાર લાગતી નથી. જોતજોતામાં ગઇકાલનો ભીખારી એકદમ તવંગર બની જાય છે અને આજનો માલેતુજાર આવતીકાલે કેવી લાચાર સ્થિતિમાં આવી પડશે તેની કલ્પના થઇ શકિત નથી. આવા વાયુપાનની ગતિથી પ્રલયના જમાનામાં શાસ્ત્રકારોએ ફરમાવેલ પરિગ્રહ દીનતું ખરૂં રહસ્ય અને પરમ ઉપયોગીતા સમજનાર સંતોષી સજ્જનો જ જીવનની ખરી મજા માણી શકે છે. અસંતોષ અને લોભવૃત્તિ જ સાંસારીક તમામ દુઃખોની પરંપરાને ઉભા કરે છે એટલું જ નહિ પરંતુ જીવનભરમાં એક ક્ષણ પણ ખરા આનંદનો અનુભવ થવા દેતા નથી. સંતોષી અને નિર્લોભી પુરૂષો જ સાચા સુખનો આસ્વાદ લઇ શકે છે. આવા મહાનુભવ પુરૂષો ઘણી અહેશાનીથી સમયના પ્રવાહમાં ઝંપલાવી શકે છે અને પોતાનું તેમજ સમાજનું કલ્યાણ સાધી શકે છે.

પ્રતિક્ષણ પલટાતા આવી વીસમીસદીના પ્રાંત ભાગમાં પણ જેઓ અઢારમી અને ઓગણીસમી સદીના બનાવોને જ પોતાની નજર સન્મુખ રાખી રહેલા હોય છે અને વર્તમાનકાળનો તેમજ ભવિષ્યનો વિચાર કરવા જેટલી દીર્ઘદષ્ટિ અને વિશાળા અનુભવ ધરાવતા નથી-ઉચ્ચતમ આદર્શજીવન પોતાની દષ્ટિ સન્મુખ ખડું કરી શકતા નથી તેઓ સમયના પ્રવાહમાં દુર્ઘટનાઓ સાથે અથડાઈ પડે છે અને તેમનું ઉત્તમ મનુષ્યજીવન નિર્થક કરીને વેડફાઇ જાય છે.

પ્રભુતામાં પગલી પાડવા માટે સર્જાયેલ દંપતિને, પરમ પુનિત આર્ય સંસ્કૃતિ જેને ધાર્મિક સ્વરૂપ પુરાતન કાળથી આપતી આવી છે તેવી લગ્નની ક્રિયા પ્રસંગે, મુરબ્બી, શુભેચ્છકો અને વડીલ જનો તરફથી આશીર્વાદ આપવામાં આવે છે ત્યારે મુખ્ય સૂચના એમ હોય છે કે-" સમયવર્તી સાવધાન " એટલે ભાવી જીવનના દરેક પ્રસંગે સાવધાનતાપૂર્વક સમયને ઓળખીને જ વરતવાનો તેમને આદેશ કરવામાં આવે છે અને તે રીતે વર્તનાર દંપતી જ સાંસારીક નજરે સુખી જીવન ગુજારી શકે છે અને કલેશ રહિત-સંતોષ અને શાંતિપૂર્વકનું દાંપત્ય જીવન અનુકુળ સંયોગો મળતા-પુણ્ય લાભમાં વૃદ્ધિ થતાં ધાર્મિક પ્રગતિ પણ સાધી શકે છે. આવું આદર્શનય ગૃહસ્થ જીવન આ અસાર ગણાતા સંસારમાં પણ સ્વર્ગ ખડું કરે છે અને ધાર્મિક દષ્ટિએ ગુણસ્થાન ક્રમારોહમાં સદ્ભાગ્યે આગળ વધવાનું બની શકે તો જ સાધ્યની નજીક સહેલાઇથી પ્હોંચી શકાય છે.

Time is invaluable એ કહેવત મુજબ વખત એ કંઈક અમુલ્ય વસ્તુ છે એટલે તેનું યથાર્થ સ્વરૂપ સમજનાર પ્રતિક્ષણ પોતાનું ભવિષ્ય ઉજ્જવળ બનાવવા માટે પ્રયાસ કરતો રહે અને સમયને બરાબર ઓળખી જાણે-પોતે ચાલુ પરિવર્તન શીલ જમાનાવામાં આગળ વધી રહેલ છે કે પાછો પડતો જાય છે તેનો સર્વગ્રાહી નજરથી વિચાર કરતો થઇ ભય અને સમયના પ્રવાહમાં તણાયે નહિ જતાં ઉપર આવવા માટે જ મથતો રહેતો તેને જીવન સાફલ્ય દુર્લભ નથી. સૌ કોઇને તે સુલભ થઇ પડે એ અભ્યર્થના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

( અનુસંધાન ટાઇટલ પેજ ૨ થી ચાલુ )

ખરેખરી જ્ઞાનભક્તિનું આ ઉત્તમોત્તમ કાર્ય છે. આ ગ્રંથમાં અનેક ઐતિહાસિક સામગ્રી, અનેક બાબતો અને કથાઓ આવેલી છે.

આ ગ્રંથમાં પૂરેપૂરી સહાય આપનારનું જીવનચરિત્ર અને ફોટો આપવામાં આવશે. ઘણા જૈન બંધુઓ પોતાની સુકૃતની લક્ષ્મીનો જૈન સાહિત્ય ઉદ્ધાર માટે સદ્વ્યય કરે છે, પરંતુ આવો પ્રભાવશાળી, ઉત્તમોત્તમ અને સર્વમાન્ય ગ્રંથ-સાહિત્યની સેવા કરવાનો પ્રસંગ ભાગ્ય વગર સાંપડતો નથી જેથી કોઇ પુણ્યપ્રભાવક જૈન બંધુએ આ ગ્રંથ સાથે નામ જોડવા જેવું છે. સહાય આપનાર બંધુની ઇચ્છા મુજબ આ ગ્રંથનો ઉપયોગ સભા કરી શકશે.

## ૨. શ્રી કથારત્ન કોષ ગ્રંથ.

અનેક સુંદર પચાસ તત્ત્વજ્ઞાનના સુબોધક વિષયો ઉપર વિવિધ (કેટલીક નહિ જાણવામાં આવેલી) સુબોધક અનુપમ કથાઓ પણ આ સાથે આપવામાં આવેલી છે. આત્માનંદ પ્રકાશમાં આવતી જાહેર ખબરથી ખાત્રી થશે. તેનું સરલ ભાષાંતર વિદ્વાનો પાસે તૈયાર થાય છે.

**૩. શ્રી પાર્શ્વનાથ ચરિત્ર.** **૪. શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર.**

**૫. શ્રી સુમતિનાથ ચરિત્ર.** **૬. શ્રી સંઘપતિ ચરિત્ર.**

વિગેરે ગ્રંથોના ભાષાંતરો તૈયાર થાય છે-પ્રગટ કરવાના છે. આર્થિક સહાયની જરૂર છે. દરેક ગ્રંથો ઊંચા કાગળો, સુંદર ગુજરાતી અક્ષરોથી પાકા બાઇન્ડીંગથી સચિત્ર તૈયાર થશે.

જ્ઞાનની અપૂર્વ ભક્તિના ઇચ્છકોએ આ સભા ઉપર તે માટે પત્રવ્યવહાર કરવો.

**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર**

---

# શ્રીપાળ રાજાનો રાસ.

## ચિત્રો અને વિસ્તારયુક્ત અર્થ સહિત.

એમ તો શ્રીપાળ રાજાના રાસની ઘણી આવૃત્તિઓ આજ સુધીમાં જુદા જુદા પ્રકાશકોએ બહાર પાડી છે. એ છતાં અમારા તરફથી બહાર પડેલ રાસને શા માટે શ્રેષ્ટ સ્થાન મળ્યું છે તે તમો જાણો છો ? આ રાસમાં નવપદજી મહારાજનું યંત્ર ખુબ શોધ કરીને રજુ કરવામાં આવ્યું છે સાથે આ રાસમાં વાંચકોની સરળતા માટે તેમજ આકર્ષણ માટે ખાસ નવા ચીત્રો તૈયાર કરાવી મુકવામાં આવેલ છે. ટકાઉ કાગળો ઉપર રાસની ઢાળો દૂહા મોટા ટાઇપમાં તેનો અર્થ સુંદર ટાઇપમાં છપાયેલ છે. **છેવટમાં નવપદજી મહારાજની પૂજા. દોહા, નવપદજીની ઓળીની સંપૂર્ણ વિધિ.** વિધિ વિધાન ઉપયોગી સંગ્રહ પણ આમાં રજુ કરવામાં આવ્યો છે. એટલે નવપદજી મહારાજની ઓળીના આરાધન સમયે આ એક જ રાસ દરેક જાતની સગવડતા પૂરી પાડે છે.

શુદ્ધ અને સારો રાસ વસાવવાની ઇચ્છાવાળા દરેક કુટુંબોમાં અમારા રાસને પ્રથમ સ્થાન મળેલ છે. તમોએ આજસુધીમાં જો રાસ ન વસાવ્યો હોય તો આજે જ મંગાવો. બીજા રાસો કરતાં આ રાસમાં ઘણી મહત્તા છે, આકર્ષક છે મૂલ્ય પણ તેના પ્રમાણમાં નામનું જ છે. મંગાવી ખાત્રી કરો. પાકું રેશમી પુઠું રૂા. ૩-૦-૦. પાકું ચાલુ પુઠું રૂા. ૨-૮-૦. પ્રભાવના કરનારને જ ઓછી કિંમતે આપવામાં આવશે.

આવતા આસો માસમાં શાશ્વતી ઓળીના પવિત્ર દિવસો પાસે આવે છે તેમાં શ્રીપાળ રાસ અને શ્રી નવપદજીની પૂજા વિધિમાં ઉત્કૃષ્ટ સ્થાન ભોગવે છે માટે શ્રી નવપદજીની પૂજાનો ગ્રંથ પણ અગાઉથી જ મંગાવો.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431


### શ્રાવકોપયોગી ખાસ ગ્રંથ

## શ્રી આચારોપદેશ ગ્રંથ

આચાર એ પ્રથમ છે. એમ શાસ્ત્રકારો કહે છે, તે શું છે તે આ ગ્રંથમાં બતાવેલ છે. રાત્રિના ચતુર્થ પહોરે (બ્રાહ્મ મુહૂર્ત્ત વખતે) શ્રાવકે જાગૃત થઈ શું ચિંતવવું ? ત્યાંથી માંડીને આખા દિવસની તમામ વ્યવહારિક તેમજ ધાર્મિક કરણી કેવા આશયથી તથા કેવી વિધિથી શું કરવી ? રાત્રે શયનકાળ સુધીમાં મન વચન કાયાની શુદ્ધિપૂર્વક ધર્મ આજ્ઞાઓના પાલન તરીકેનું આચારવિધાન કેવું હોવું જોઇએ ? વિગેરે અનેક ગૃહસ્થ ઉપયોગી જીવનમાં પ્રતિદિન આચરવા યોગ્ય સરલ હીતકાર યોજના આ ગ્રંથમાં બતાવેલ છે. શ્રાવકવર્ગને માટે જીંદગીની શરૂઆતથી વ્યવહાર અને ધર્મના પાલન માટે પ્રથમ શિક્ષારૂપ આ ગ્રંથ છે.

ખરેખર જૈન થવા માટે એક ઉત્તમ ગ્રંથ છે. કોઇપણ જૈન નામ ધરાવનાર વ્યક્તિ પાસે તેના પઠનપાઠન માટે આ ગ્રંથ અવશ્ય હોવો જોઇએ. કિંમત મુદ્દલ રૂા. ૦-૮-૦ માત્ર આઠ આના. પોસ્ટેજ અલગ.

## આત્મ વિશુદ્ધિ ગ્રંથ.

જેમાં શુદ્ધ આત્માનું સ્વરૂપ, શુદ્ધ આત્માનું આરાધન, આત્મપ્રાપ્તિના સાધનો, વિકલ્પોથી થતું દુઃખ, જીવનો પશ્ચાતાપ વિગેરે અનેક વિષયોથી ભરપુર સાદી સરલ ગુજરાતી ભાષામાં કોઇપણ મનુષ્ય સમજી શકે તેવી રીતે આચાર્ય મહારાજ શ્રી વિજયકેશરસૂરિજીએ લખેલો આ ગ્રંથ છે. જેના પઠનપાઠનથી વાંચકને આત્માનંદ થતાં કર્મોને નાશ કરવાની પ્રબળ ઇચ્છા થતાં મોક્ષને નજીક લાવી મૂકે છે. આત્મ-સ્વરૂપના ઇચ્છક મનુષ્યને આ ગ્રંથ મનનપૂર્વક વાંચતા પોતાનો જન્મ સફળ થયો માની તેટલો વખતનો ચોક્કસ શાંત રસ વૈરાગ્યરસમાં મગ્ન થાય છે. પાકું પુંઠું કિંમત રૂા. ૦-૮-૦.

## તૈયાર ! છે॥ श्री कथारत्न कोष ॥(कहारयण कोसो) તૈયાર છે !!

આ "કથારત્ન કોષ" ગ્રંથ પ્રાકૃત ભાષામાં શ્રી દેવભદ્રાચાર્ય જેવા વિદ્વાન આચાર્ય મહારાજે સંવત ૧૧૫૮ માં તાડપત્ર ઉપર શ્લોક ૧૧૫૦૦ પ્રમાણમાં રચેલો છે; પ્રાચીન તાડપત્રની પ્રત ઉપરથી ઘણા જ પરિશ્રમે સાક્ષરવર્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે સંશોધન કરી તૈયાર કરેલ છે, જે જૈન સમાજ ઉપર મહાન ઉપકાર કર્યો છે. અત્યાર સુધી જે ગ્રન્થનું નામ પણ સાંભળવામાં આવેલ નથી એવા મહા મૂલ્યવાન જુદા જુદા ૫૦ જૈનધર્મના તત્ત્વજ્ઞાન અને બીજા જાણવાલાયક વિષયો ઉપર અનેક અનુપમ કથારૂપી રત્ન ભંડાર આ ગ્રંથમાં ભરેલ છે; શ્રી મુનિ મહારાજાઓને વ્યાખ્યાન માટે તો ખાસ ઉપયોગી છે તેમ પુરવાર થયેલ છે. ફોર્મ ૬૬ પાના ૮૦૦ આઠસેંહ ઉંચા લેઝર પેપર, અને ઉંચા ટકાઉ ગ્લેઇઝ પેપર ઉપર શાસ્ત્રી સુંદર ટાઈપથી પ્રતાકારે છપાવવામાં આવેલ છે, અનુક્રમે કિંમત રૂા. ૧૦) તથા રૂા. ૮-૮-૦


## મુનિરાજ શ્રી ધર્મવિજયજી મહારાજનો સ્વર્ગવાસ

પૂજ્યપાદ મુનિરાજ શ્રી ધર્મવિજયજી મહારાજના શાંતમૂર્ત્તિ મુનિરાજ શ્રી હંસવિજયજી મહારાજના શિષ્ય શ્રી દોલતવિજયજી મહારાજના શિષ્ય હતા. મૂળ જન્મસ્થાન પાટણ. દીક્ષા સં. ૧૯૫૮ માં લીધી હતી. જન્મ ૧૯૨૭ માં થયો હતો. પોતાના ગુરુ સાથે હૈદ્રાબાદમાં ચોમાસું કર્યું ને જીવદયા, જ્ઞાન પ્રચારક મંડળ સ્થાપ્યું ને એ સંસ્થા તેના આધારે ચાલતી તે તેમનું એક કાર્ય મુનિજીવનનું ખાસ હતું. અત્યારે એ સંસ્થાને એમના કાલધર્મથી ભારે ખોટ પડી છે. તેમ જ એક ચારિત્રપાત્ર સુમુનિની જૈન સમાજમાં ખોટ પડી છે. તેના પવિત્ર આત્માને અનંત શાંતિ પ્રાપ્ત થાઓ એમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ.

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રીન્ટીંગ પ્રેસ : દાણાપીઠ—ભાવનગર.

For Private And Personal Use Only